॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ઓક્ટોબર ૨૦૧૧
રૂા. ૫/૦૦







ભાદ્ર સુદ ૧૧ જલજીલણી મહોત્સવના શુભ દિવસે ઠાકોરજી હમીરસરોવરમાં હોડીમાં બેસી હજારો ભક્તોને દર્શન આપ્યાં હતા. અને ઉત્સવ પૂર્વે કિનારે થયેલી સંતો ભક્તોની સભા તથા પૂજન કરતા યજમાન પરિવાર તલકશીભાઈ પોપટ તથા દિનેશભાઈ ધરમશી ખુથીયા પરિવાર - ભુજ











શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર આફ્રિકાના
ત્રણ દેશોમાંથી કેન્યા, યુગાન્ડા અને ટાન્ઝાનીયાના
શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના યુવાનાની તથા
શ્રી ઘનશ્યામ બાલમંડળના બાળકોની સમૂહ તસ્વીર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।।

।। માનવસેવા પ્રભુસેવા।।

**ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**

## લેખકોને ખાસ વિનંતી

- ❖ આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- ❖ લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- ❖ લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- ❖ કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ❖ ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- ❖ કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- ❖ સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### :: લવાજમ ::

| | | |
|---|---|---|
| દેશમાં :- | ✔ | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- | ✔ | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- ❖ અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- ❖ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.


**:: E-mail ::**

sandesh@bhujmandir.org

info@bhujmandir.org

**:: website ::**

www.bhujmandir.org.



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'

કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'

વર્ષ - ૧૦, અંક - ૧૦- ઓક્ટોબર-૨૦૧૧

સળંગ અંક - ૩૧૧

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**

અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**

સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**

શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**

શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી

સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,

ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.

ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧

ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

'જોબન' એટલું નામ સાંભળતાં જ લોકો થથરી ઊઠતા, જેને વડોદરા સરકારની પોલીસ તાબે કરી શકી ન હતી એવો ખૂંખાર લૂંટારો જોબન પગી ભગવાન સ્વામિનારાયણનાં દર્શનથી શસ્ત્રોનો ત્યાગ કરી માળા ગ્રહણ કરી ભક્ત શિરોમણિનું બિરુદ પામી ગયો. નારદમુનિનાં વચન સાંભળી વાલીઓ લૂંટારો વાલ્મીકિ ઋષિ બની ગયો. ધર્મપત્નીનાં બોધવચનોની અસરથી કામી તુલસીદાસ સંત તુલસીદાસજીનો દરજ્જો પામ્યા. આ છે સત્સંગ લાભનું ફળ.

ભગવાનનાં દર્શન, મંદિર, આચાર્ય, સંત, હરિભક્ત, શાસ્ત્રવચન, મોટા પુરુષોના બોધવચન આદિક સત્સંગનાં સાધનો છે, જે બુધ્ધિને દોષમુક્ત કરી જીવનું આત્યંતિક કલ્યાણ કરે છે. ભગવાન સ્વામિનારાયણે હરિભક્તો માટે જીવનમાં સત્સંગનું મહત્ત્વ વારંવાર જણાવ્યું છે. વચનામૃત, શિક્ષાપત્રી તથા સંપ્રદાયમાં સત્સંગને દૃઢ રાખવા કરેલા વ્યાપક વિચરણમાં ગામોગામ તથા નગરોમાં કરેલી સભાઓમાં જે વાતો કરી તેમાં સત્સંગની વાત વણી લીધી છે.

શિક્ષાપત્રીમાં ભગવાન કહે છે, વિદ્વાન પણ સત્સંગ અને ભક્તિવિના અધોગતિને પામે છે. ભક્તિ ધર્મે સહિત કરવી. ધર્મરહિત લૂખી ભક્તિ ફળદાયક નથી. માંડવી-કચ્છમાં હરિભક્તો સમક્ષ સત્સંગ સંબંધી વાત કરતાં કહ્યું, સત્સંગ ઉપર જેને ભાવ ન થાય તે માણસ ચતુર હોય, પણ એના જેવો કોઈ આંધળો કે બહેરો નથી. જેને સત્સંગ થયો છે તે તો અક્ષરધામનો અધિકારી છે. સત્સંગના નિયમો પાળવા જોઈએ. સત્સંગના નિયમો ધર્મના અંગ અને આભૂષણ સમાન છે.

ભક્તિમાં જે સાધનો નડતરરૂપ બને તે તમામ સાધનો સત્સંગમાં નડતરકર્તા થાય છે. ક્રોધ, લોભ, માન, ઈર્ષા, સ્ત્રી, ધન એ આદિ કુસંગના પરિવારરૂપ સાધનોની ગણતરી સત્સંગમાં બાધક તરીકે થયેલી છે. ક્રોધ, લોભ, માન, ઈર્ષા અને કામ વગેરે ધરાવનાર ભક્તો પ્રત્યે શ્રીજી મહારાજનો ભાવ રહેતો નહીં અને તેવા ભક્તો પાસેથી સેવા લેવાનું પણ તેમને ગમતું નહીં. આપણે સર્વે સત્સંગીઓએ શ્રીહરિનો રાજીપો મેળવવા આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ. પંચવિષયમાં ઈન્દ્રિયોની લોલુપતા કુસંગને જન્મ આપનારું બીજ છે. 'હૃદયપ્રકાશ' માં નિષ્કુળાનંદ સ્વામી જણાવે છે -

કામ ક્રોધ, મદ લોભનું, મોહ માન મમતા મૂળ, પંચ વિષયથી પ્રગટે, સહુ જનને બહુ શૂળ. ( પ્રસંગ ૯-૨૨)

આ પંચ વિષયને તોડવા માટેના ઉપાયો પૈકી એક ઉપાય સત્સંગ છે.

સત્સંગનો પાયો દૃઢ રાખવો એ પણ અગત્યની વાત છે. આપણા સત્સંગમાં સત્સંગની દૃઢતાને ધ્યાનમાં લઈ દેશ-પરદેશમાં શિબિરો યોજવામાં આવે છે. તાજેતરમાં જ ઈસ્ટઆફ્રિકામાં ભુજ મંદિરના સંતોના સાન્નિધ્યમાં વિશાળ શિબિર યોજવામાં આવી. તેમાં ૧૨૦૦ જેટલા યુવાન સત્સંગીઓએ સત્સંગનો તરવરાટ અનુભવ્યો.

મુક્તિ મેળવવા સાધકો અનેક પ્રકારના કષ્ટદાયક તપ કરે છે. છતાં સિધ્ધિ પ્રાપ્ત કરવામાં જન્માન્તરો નીકળી જાય છે. જ્યારે સત્સંગી ગૃહસ્થાશ્રમમાં રહીને પણ સત્સંગથી હરિકૃપા, સંતકૃપા અને જીવાત્માનું કલ્યાણ સાધી શકે છે.

સંપ્રદાયમાં તો સત્સંગીને સંત સમાગમ ઘર આંગણે જ છે. શ્રીજી મહારાજે હરિભક્તો માટે સંત સમાજની વ્યવસ્થા કરી વિષયલોલુપતાથી મુક્ત રહેવાનું અમોઘ સાધન આપ્યું છે. નિષ્કુળાનંદ સ્વામી 'હૃદયપ્રકાશ' માં કહે છે-

ત્રિશે લક્ષણ તનમાં, પ્રગટ પ્રભુના દાસ, એવા સંતના સંગથી થાય વિષયનો નાશ. ( પ્રસંગ ૧૦-૩૯)

બાળકોમાં નાની વયથી જ સત્સંગના અંગ દૃઢ કરવાની ફરજ પરિવારના વડીલોએ અચૂક ધ્યાનમાં લેવી જોઈએ. ઘરનું વાતાવરણ સત્સંગમય રહે તો તેની અસર હેઠળ બાળક સદાચારી બની પવિત્ર જીવન ભોગવશે. આ વિષયમાં -

''દાદાને દરબાર જાશું સવારમાં નિત્ય ઊઠીને'' જેવાં કીર્તન બહુ મોટી વાત કહી દે છે. સર્વે હરિભક્તોને શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના તંત્રીમંડળના દિવાળી નૂતનવર્ષ પડવાના ઝાઝા કરીને જય શ્રી સ્વામિનારાયણ. ઈતિ. જય શ્રી સ્વામિનારાયણ.

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર : આફ્રિકા

- તંત્રી

આપણા સંપ્રદાયના આધાર સ્તંભો ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય છે. આ ચારેય બાબતોને કેન્દ્રમાં રાખી જીવ માત્રના કલ્યાણ માટે આપણા બ્રહ્મનિષ્ઠ સંતો સંપૂર્ણ નિષ્ઠા સાથે સત્સંગ દ્વારા જનહિત અને સંસ્કાર સિંચનની પ્રવૃત્તિઓ દ્વારા ધર્મપરાયણ, નિષ્ઠાવાન, સદાચારી સમાજ નિર્માણ અને તેનાં ઘડતરનું અદ્‌ભૂત કાર્ય કરી રહ્યા છે. આવા સંતોની ઉપલબ્ધિ આપણા અહોભાગ્ય છે !

સત્શાસ્ત્રોમાં કહેલું છે કે જીવનમાં કરવા જેવા બે કાર્યો છે. એક પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારી પરમતત્ત્વ પરમાત્માનું ભજન-કીર્તન-વાર્તા દ્વારા સતત સ્મરણ કરવું અને બીજું સદાચારી, સુસંસ્કારી, નિરાભિમાની, પ્રભુપરાયણ સાધુ (સજ્જન) પુરુષો સાથે સત્સંગ કરવો. આ બે બાબતો જીવનું કલ્યાણ કરી જીવન સાર્થક બનાવે છે.

આપણા સદ્‌નસીબે આપણા સંપ્રદાયના મંદિરોમાં આ બન્ને બાબતો કેન્દ્રસ્થાને છે. આપણા સંતોએ દેશ-વિદેશના અનેક સ્થળોએ 'સત્સંગ શિબિરો' નું સફળ આયોજન કરી આપણા પરંપરાગત સંસ્કારોને સત્સંગની જ્યોતથી વધુને વધુ પ્રજ્વલિત કરી આપણા સંતો ધર્મ, સમાજ અને રાષ્ટ્રની નોંધપાત્ર સેવા કરી રહ્યા છે. સુસંસ્કારોના સિંચન દ્વારા આયોજનબધ્ધ રીતે જનહિતનાં કાર્યો કરી રહ્યા છે.

આપણા સંતોની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આપણા દેશના હરિભક્તો વ્યવસાયાર્થે આફ્રિકા જઈને વસ્યા અને શ્રીજી મહારાજની પૂર્ણ કૃપાથી સમૃધ્ધિના સ્વામી થયા. ત્યાં વસ્યા પછી અને ત્યાંની પ્રજાના સંગમાં આવ્યા પછી પણ 'સંગ તેવો રંગ' તેઓને લાગ્યો નથી કારણકે તેઓ સત્સંગના રંગે રંગાયેલા છે. ત્યાં રહીને તેઓએ જીવમાત્રમાં ભગવાન રહેલા અને જીવમાત્રની સેવાથી શ્રીજી મહારાજનો રાજીપો પ્રાપ્ત થાય છે એવા સંસ્કારી વિચારોથી આફ્રિકાના વતનીઓની ખૂબ સેવા કરી છે તેની વાત પછી આગળ કરીશું. હાલ તો તાજેતરમાં તા. ૨૫-૮-૨૦૧૧ થી તા. ૨૮-૮-૨૦૧૧ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ આયોજિત 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર' નાઈરોબીથી ૨૦ કી.મી. દૂર ૨૪૦ એકરના વિસ્તૃત પટાંગણ કેન્યાની નામાંકિત લેનાના સ્કૂલમાં યોજવામાં આવેલ. જેમાં સમગ્ર કેન્યા, યુગાન્ડા, તાન્ઝાનિયા વગેરેના ૭ થી ૧૪ વર્ષના ૩૬૭ જેટલા બાળકો અને ૮૮૩ યુવાનોએ ઉત્સાહભેર જોડાઈને ભાગ લીધો હતો. સાથે રસોડાનો સ્ટાફ અને સિક્યુરિટીના ભક્તો મળી ૨૫૦ સેવામાં રોકાયા હતા. કુલ્લ મળી ૧૫૦૦ ભક્તોનો આ શિબિરમાં ભક્ત સમુદાય હતો. તેનું સુંદર અને સફળ સંચાલનમાં સહયોગ નૈરોબીના બન્ને મંદિરો શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર તથા શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - તાબાનું એ સુચારુ રીતે કરીને શિબિરને યાદગાર બનાવ્યો હતો. બન્ને મંદિરના યુવાનોએ છ-છ માસથી શિબિરની તૈયારીઓ માટે કરેલો પુરુષાર્થ શિબિરના સાફલ્યમાં દૃષ્ટિગોચર થતો હતો.

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત પ.પૂ.સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સદૈવ વંદનીય વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી ભુજ મંદિરના ૧૭ બ્રહ્મનિષ્ઠ સંતો આ શિબિરમાં જોડાયા હતા, જેની વિદ્વતા અને દીર્ઘદૃષ્ટિનો અમૂલ્ય લાભ શિબિરાર્થીઓને મળ્યો હતો. ભુજથી સ.ગુ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજી, સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુ. સ્વામી પરમહંસદાસજી, પુ. સ્વામી મુક્તવલ્લભ દાસજી, સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામી વ્યાસમુનિદાસજી, પુ. સ્વામી પરબ્રહ્મજીવન દાસજી,

પાર્ષદ ખીમજી ભગત આદિ સંતો શિબિરમાં પધાર્યા હતા. તા. ૨૪-૮-૧૧ ની રાત સુધીમાં ૧૨૫૦ જેટલા બાળકો અને યુવકોનું આગમન થઈ ચૂક્યું હતું.

તા. ૨૫-૮-૧૧ ના દીપ પ્રાગટ્યથી શિબિરનો પ્રારંભ થયો. જેની વિશેષતા એ હતી કે ત્રિવેણીસંગમ જેવા ત્રણ મુખ્ય દીપ હતા. જેના પ્રાગટ્યનો વિધિ ત્રણ વિભાગમાં કરવામાં આવ્યો. એક દીપનું પ્રાગટ્ય સંતો દ્વારા, બીજા દીપનું પ્રાગટ્ય બન્ને મંદિરના વડીલો દ્વારા અને ત્રીજા દીપનું પ્રાગટ્ય સમગ્ર આફ્રિકાના ગામડાઓના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવ્યું. સંતો, મંદિરો અને હરિભક્તોના ભાવભીના ભક્તિપ્રવાહના આ ત્રિવેણીસંગમથી કરવામાં આવેલ દીપ પ્રાગટ્ય સૌની એકતાનું સૂચક પ્રતીક બની રહ્યું ! શિબિરમાં યુવકોના અલગ અલગ ૨૪ ગ્રુપ પાડવામાં આવ્યા હતા, જેના દરેક ગ્રુપનો એક એમ અન્ય ૨૪ દીપનું પણ પ્રાગટ્ય કરવામાં આવ્યું. સમગ્ર શિબિર અને દરેક ગ્રુપને પ્રોત્સાહિત કરવા માટેનો આ વિચાર આવકારદાયક અને આનંદપ્રદ છે, જે શિબિરાર્થીઓના ઉત્સાહમાં અભિવૃધ્ધિ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં દીપક પવિત્રતા અને પ્રકાશનું પ્રતીક છે. દીપ પ્રાગટ્ય દ્વારા હૃદયને પવિત્ર અને બુધ્ધિને પ્રકાશિત રાખવાનો સંકેત અપાયા બાદ સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના પ્રેરણાદાયક આશીર્વચનથી શિબિરની શુભ શરૂઆત થઈ. સત્સંગમાં આવતા વિઘ્નોના કારણે સત્સંગમાં દઢતાનો જે અભાવ જોવા મળે છે અને તે પડતી તરફ દોરી જાય છે. તેમજ આ વિઘ્નો - અડચણો કઈ રીતે દૂર કરવી તેમજ સત્સંગમાં દઢતા રાખવાના કારણે જીવનમાં પ્રફુલ્લિતતા અને પ્રભુની પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે એ બાબતો સ્વામી પરમહંસદાસજીએ પ્રેઝન્ટેશન દ્વારા સુંદર અને સચોટ રીતે દર્શાવી શિબિરાર્થીઓને સત્સંગમાં દઢતા રાખવાના માર્ગનું નિદર્શન કર્યું, સત્સંગમાં દઢતા રાખવાની પાયાની બાબતો સમજાવી હતી. ત્યારબાદ ગ્રુપચર્ચામાં શિબિરાર્થીઓ પ્રવૃત્ત થતા.

બીજી બાજુ પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી, પુ. સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી પરબ્રહ્મજીવન દાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી આદિ સંતોના સાંનિધ્યમાં બાળકો માટેના કાર્યક્રમે વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. પ્રાતઃ સમયે મંત્રોચ્ચાર સાથે પૂજા કેવી રીતે કરવી, આરતી અને પૂજા શા માટે કરાય અને કેવી રીતે કરવામાં આવે, તેનો મહિમા અને સંપૂર્ણ માહિતી પ્રેઝન્ટેશન દ્વારા દર્શાવી બાળકોને શિક્ષિત કરવામાં આવ્યા. બૌધિક વિકાસ અને ધાર્મિક જ્ઞાન માટે ક્વીઝનો કાર્યક્રમ તથા શારીરિક અને માનસિક વિકાસ માટે રમત-ગમતના કાર્યક્રમો દ્વારા સત્સંગનું જ્ઞાન આપવામાં આવ્યું. પરસ્પર આત્મીયતા જળવાય અને મિત્રતા ગાઢ બને એવા આશય સાથે કૃષ્ણ-સુદામાની વાત દ્વારા મૈત્રીમાં રાય અને રંક હોવું ગૌણ છે, પરસ્પરનો સમભાવ અને પ્રેમ મુખ્ય છે એ વાતની સુંદર પ્રતીતિ કરાવી તેમજ ડાયા ભગતની વાત દ્વારા સત્સંગમાં કેમ રહેવું તેમજ ભગવાન વિષે કેવો નિશ્ચય રાખવો એનુ જ્ઞાન સંતોએ આપ્યું. બાળકોએ આવા કાર્યક્રમોમાં હોંશભેર ભાગ લઈ જીવનનું અમૂલ્ય ભાથું બાંધી ખુશખુશાલ થઈ ગયા. બાળકોમાં સુષુપ્ત અવસ્થામાં રહેલી શક્તિઓ અને કલાને જાગૃત કરવા ચિત્ર સ્પર્ધા જેવી સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. બાળકોમાં સંસ્કારોનું સિંચન કરતાં બાળકોમાં સદ્‌ગુણોના વિકાસ તેમજ દૈનિક કાર્યક્રમો વહેલા જાગી સ્નાન, પૂજા, વડીલ વંદના, ઘરની તમામ વ્યક્તિને જય શ્રી સ્વામિનારાયણ કહેવું વગેરે બાબતોની માહિતી પ્રેઝેન્ટેશન દ્વારા આપવામાં આવી. સાદી અને સરળ ભાષામાં બાળકો સમજી શકે તેવી રમુજી વાર્તાઓ અને પ્રસંગો દ્વારા બાળકોને મનોરંજન સાથે જ્ઞાન પીરસવામાં આવ્યું. જ્ઞાનચક્રવ્યૂહ દ્વારા જ્ઞાનની ચકાસણી અને જ્ઞાન પ્રદાન કરાયું. શિબિરાર્થીઓએ પોતાની શૈલીમાં શિબિરના અનુભવો વર્ણવતાં જણાવ્યું કે શિબિર જીવન ઘડતર અને આત્મવિકાસ માટે અત્યંત ઉપયોગી છે, આવી શિબિરો અવાર નવાર યોજી બાળકોને તથા યુવાનોને જ્ઞાનસમૃધ્ધ બનાવવા જોઈએ. શિબિરાર્થીઓના પ્રતિભાવથી વડીલો, યુવકો અને સંતો પ્રસન્ન થયા હતા.

આ ચાર દિવસો દરમ્યાન યુવકોમાં જીવન

ઘડતર અને સત્સંગની દૃઢતા માટે દરરોજ શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી, સ્વામી મુક્તવલ્લભદાસજી તથા પાર્ષદ ખીમજી ભગત દ્વારા સત્સંગમાં ચડતી, આપણો સંપ્રદાય, આહાર વિવેક, પરિવારમાં સંપ, એકતા અને સૌહાર્દભાવ, શ્રીજી મહારાજનું ધ્યાન કેમ ધરવું, યોગા, દેશ રમતો, માનસી પૂજા, સત્સંગ રમતો જેવા વિષયો ઉપર પ્રેઝન્ટેશન રજૂ કરી ખૂબ સારી રીતે સમજણ આપવામાં આવી હતી.

શિબિરના ત્રીજા દિવસે યુવતીઓએ પણ શિબિરનો લાભ લીધો હતો. ઉત્સાહ અને આનંદના વાતાવરણ વચ્ચે ૯૦૦ જેટલી યુવતીઓ આ સત્સંગ શિબિરમાં ઉપસ્થિત રહી હતી. આવી શિબિરોમાં સહભાગી થવાની તક સાંપડવા બદલ યુવતીઓ પ્રસન્નચિત્તે ધન્યતા અનુભવી રહી હતી.

શનિવારે રાત્રે મહારાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ મન મુકીને સંતો સાથે રાસ રમ્યા હતા અને આનંદના અવસરમાં મહાલ્યા હતા. રવિવારે છેલ્લો દિવસ હતો અને 'ઓપન ડે' નું આયોજન હતું. આ દિવસે નૈરોબીના હરિભક્તો લગભગ ચાર હજારથી વધુની સંખ્યામાં પધાર્યા હતા. આજે નાના બાળકો માટે રમવાના અનેકવિધ સાધનો રાખવામાં આવ્યાં હતાં. ફેસ પેઈન્ટ આદિની વ્યવસ્થા રાખવામાં આવી હતી જેથી બાળકો એનો આનંદ લઈ રાજી થયા હતા. આટલા મોટા ભક્તસમુદાયની હાજરી શિબિરની સફળતા સૂચવે છે. સૌએ સંતોની કર્તવ્યનિષ્ઠા અને શિબિર માટે લીધેલી જહેમતની પ્રશંસા કરી આનંદની લાગણી અનુભવી હતી. શિબિરમાં કેન્યા દેશમાં વિચરણ કરતા સંતો સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવન દાસજી, સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશ દાસજી, પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી તેમજ શા. સ્વામી નારાયણમુનિ દાસજી આદિ સંતોએ પણ શિબિરાર્થીઓને પ્રેરક વાતો કરી હતી.

પૂજા માટેની સામગ્રીઓ જેવી કે ધોતી, રેડીમેડ ધોતી, શાલ, આસન, નવી પૂજા વગેરે શિબિરાર્થીઓને વિનામૂલ્યે આપી તેઓની પૂજામાં રહેલી અધુરાશો પૂરી કરવામાં આવી હતી.

શિબિર દરમ્યાન પ.પૂ. મહંતસ્વામીએ ભુજથી મોકલાવેલ પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. સાથે તુલસીની કંઠી અને માળા ગૌમુખી સાથે દરેક શિબિરાર્થીને આપવામાં આવ્યા હતા. શિબિરની ચિરસ્મૃતિ રહે તે માટે એક-એક ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી સાથે ટી-શર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિબિરાર્થીઓને ફોન દ્વારા ઓનલાઈન પ.પૂ. મહંતસ્વામી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, કો. પાર્ષદ જાદવજી ભગતના આશીર્વાદ મળ્યા હતા.

શિબિર દરમ્યાન બન્ને મંદિરોના ઉત્સાહી હરિભક્તોએ અન્ય વ્યવસ્થાઓની સાથે ભોજન વ્યવસ્થા પણ ખૂબ જ સરસ અને વ્યવસ્થિત રીતે સંભાળી હતી. સીક્યુરીટીનો પણ બંદોબસ્ત કરવામાં આવેલ તેમજ આરોગ્યની સંભાળ અને સારવાર માટે ડોકટરોની ટીમ એમ્યુલન્સ સાથે તહેનાત હતી. વિદ્યુત પ્રવાહમાં વિક્ષેપ પડે તો તેને પહોંચી વળવા માટે જનરેટર સેટ ગોઠવવામાં આવેલ.

આનંદ, ઉત્સાહ અને ભક્તિના વાતવરણ વચ્ચે સત્સંગ શિબિર પૂર્ણ થયેલ. આવી શિબિરો અવાર-નવાર યોજાતી રહે અને ધર્મ પ્રચાર-પ્રસાર સાથે સત્સંગમાં દૃઢતા આવતી રહે એવી અપેક્ષા હરિભક્તો અને શિબિરાર્થીઓએ વ્યક્ત કરતાં સંતોના પરિશ્રમને બિરદાવ્યો હતો.

સમાપન કાર્યક્રમમાં પ.ભ. લક્ષ્મણભાઈએ આ શિબિરમાં પધારેલ શિબિરાર્થીઓને ભલામણ સાથે સંતોની મહેનતને લેખે લગાડવા ભલામણ કરી હતી. પ.ભ. જાદવજીભાઈએ આવી શિબિર આપણા આફ્રિકાના સત્સંગનું એકતાનું પ્રતીક બની ગઈ છે અને આ શિબિરમાંથી જે શિબિરાર્થીઓને મળ્યું છે તે ફરીવાર મળે એવી લાગણી સાથે સંતોનો ખૂબ જ આભાર માન્યો હતો અને શિબિરમાં પધારેલ કંપાલા, મોમ્બાસા, દારેસલામ તથા નાઈરોબીના બન્ને મંદિરોના પ્રતિનિધિ યુવાનોએ પોતાના વિચારો આપ્યા હતા.

## શૈક્ષણિક-આરોગ્ય સેવા : આફ્રિકા

- તંત્રી

આપણા સંપ્રદાયના સંતો શ્રીજી મહારાજે આપેલી આજ્ઞાનું પૂર્ણતયા પાલન કરી હરિભક્તોમાં સત્સંગના સંસ્કારોનું સિંચન કરવાનું પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે. ભુજ મંદિરના સંતોનું એમાં વિશેષ યોગદાન છે. પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા, આજ્ઞા અને આશીર્વાદથી આપણા સંતોમાં નિષ્ઠાપૂર્વકનું જોમ જાગૃત થયું છે. આપણા સંતોએ હરિભક્તોને માનવીય અભિગમ અપનાવી જનહિતના કાર્યો કરવા તરફ પણ પ્રેરિત કર્યા છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં શિક્ષણ (વિદ્યાદાન) અને આરોગ્ય (સેવા-સુશ્રુષા-ઔષધ દ્વારા સ્વાસ્થ્ય પ્રદાન) નાં કાર્યો હાથ ધરી લોકોનું કલ્યાણ કરવાની આજ્ઞા ભારપૂર્વક આપી છે. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા અને કચ્છ દેશના હરિભક્તો દ્વારા કચ્છમાં શિક્ષણક્ષેત્રે અને આરોગ્યક્ષેત્રે જે કર્ય થયું છે તે અદ્વિતીય છે. સંતો અને હરિભક્તોના સંયુક્ત પ્રયાસોથી થતા આ કાર્યોથી કચ્છભરના લોકોને સારું શિક્ષણ અને તબીબી સુવિધાઓ પ્રાપ્ત થતી રહી છે. શ્રીજી મહારાજની આ આજ્ઞાનું પાલન કરવામાં આપણા હરિભક્તો માત્ર કચ્છ પૂરતા સીમિત નથી. વિદેશમાં વસતા આપણા હરિભક્તો ત્યાં સ્થાનિક પ્રજાના હિતનાં કાર્યો પણ એટલી જ લગનથી કરે છે.

### :: શિક્ષણ અને વિકલાંક સેવા ::

પ.પૂ. મહંતસ્વામી શ્રી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી આફ્રિકામાં મોમ્બાસા મધ્યે શ્રી સહજાનંદ સ્પેશીયલ સ્કૂલમાં વર્ષોથી સ્થાનિક પ્રજાના છાત્રોને શિક્ષણ આપવાનું ભગીરથ કાર્ય આપણા હરિભક્તો કરી રહ્યા છે. આઠ એકર જેટલા ક્ષેત્રફળમાં વિસ્તરેલ આ કે. પી. જુનીઅર સ્કૂલના પ્રાથમિક વિભાગમાં ૨૫૦૦ તેમજ માધ્યમિક વિભાગમાં ૮૫૦ થી વધુ છત્રો છે. પ્રાથમિક વિભાગ માટે ૪૮ રૂમો તેમજ માધ્યમિક/ કોલેજ માટે ૨૭ રૂમો સુંદર ફર્નિચર અને આધુનિક સાધનોથી સજ્જ છે. અહીં વિદ્યાર્થીઓને પ્રેમપૂર્વક પૂરતી તકેદારી સાથે શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાલયો તો અનેક હોય છે પરંતુ આ શિક્ષણ સંસ્કાર ધામમાં માનવતાની જે જ્યોત પ્રગટી રહી છે તેને કોટિ કોટિ પ્રણામ કરવાનું મન સ્હેજે થઈ જાય. આ શાળાના સંચાલકોએ સમગ્ર આફ્રિકાખંડના નિરાધાર બાળકોના આધાર બનવાની જાણે ટેક લીધી છે. નિરાધાર, નિઃસહાય, વિકલાંગ, અલ્પ વિકસીત બાળકો માટે આ શાળા ઈશ્વરકૃપા-આશીર્વાદરૂપ છે. અહીં આવા ૨૮૦ જેટલા બાળકોની સંપૂર્ણ સારસંભાળ રાખવામાં આવે છે. તેમના માટે રહેવા માટે છાત્રાલય અને ખાવા-પીવા માટે ભોજનાલયની સુવિધા વિનામૂલ્યે કરવામાં આવી છે. આવા બાળકોને શિક્ષણ તેમજ હુન્નર પણ શીખવવામાં આવે છે. તેમની સારવાર અને સંભાળ માટે ૬૦ જેટલા સ્વયંસેવકો દિલ દઈને કાર્ય કરી રહ્યા છે. આ કંઈ નાની સુની વાત નથી. જે હૃદયમાં શ્રીજી મહારાજ વસ્યા હોય અને જેમનું હૃદય દરિયા જેવું વિશાળ હોય આપણા ભુજ મંદિરના વડીલ સંતોના આશીર્વાદ જેના શિરે હોય તેઓ જ આવાં કાર્યો કરી શકે. આ સ્કૂલ ચલાવવા પાછળ સંચાલકો દ્વારા પ્રતિ માસ લાખોનો ખર્ચ કરવામાં આવે છે ! ધન્ય છે આવા સેવા પરાયણ હરિભક્તોને તેમજ પ્રેરણાસ્રોત સંતોને. ફોટડીના પ.ભ. શ્રી કેશવજીભાઈ પ્રેમજીભાઈ ભુડિયા તથા તેમના ભાઈ પ.ભ. શ્રી કાનજીભાઈના સુપુત્ર શ્રી અરવિંદભાઈ તથા શ્રી હસુભાઈ આ સંસ્થાનું સંચાલન કરી રહ્યા છે અને સેવા માટે સદૈવ તત્પર હોય છે. આ પરિવારે પૈસો પચાવી જાણ્યો છે, જરાપણ આછકલાઈ કે ઘમંડ વગર વિનમ્રભાવે તેઓ સંપ્રદાયના અને સમાજના અનેક ક્ષેત્રોમાં સેવારત છે.

### :: આરોગ્ય – મોમ્બાસા ::

વિદેશમાં વસતા આપણા હરિભક્તો મેડીકલ કેમ્પો યોજીને અવાર-નવાર આરોગ્યક્ષેત્રે પોતાની સેવાઓ આપતા જ હોય છે. પરંતુ આરોગ્યક્ષેત્રે કાયમી સુવિધા આપવામાં શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ

ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક અનુકરણીય કાર્ય હાથ ધરાયું છે. તબીબી સહાયની જ્યારે વાત આવે ત્યારે આ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વીગુરુન્ગાની ડીસ્પેન્સરીનો ઉલ્લેખ અવશ્ય થવો જોઈએ. મોમ્બાસા-નૈરોબી હાઈવે પર કીનાન્ગો વિભાગમાં આ ડીસ્પેન્સરી આવેલી છે. આશરે બે એકરનો વિસ્તાર ધરાવતી આ આરોગ્ય સંસ્થા અંદાજે ૧૪,૫૦૦ ની વસ્તી ધરાવતા અહીંના લોકોની સેવા કરી રહી છે. જ્યાં સરેરાશ દરરોજ ૧૮૫ દર્દીઓની તબીબી તપાસ અને સારવાર કરવામાં આવે છે. આટલી મોટી સંખ્યામાં આવતા દર્દીઓ માટે 'વેઈટીંગ બે' ની સુવિધાનો થોડો અભાવ ખટકે છે. કારણ કે વધારે પડતી ઘણી મોટી સંખ્યામાં આવતા દર્દીઓને પરસ્પર ચેપ લાગવાનું જોખમ રહેલું છે. આ ખોટને દૂર કરવા માટે હાલે નવા 'વેઈટીંગ બે'નું નિર્માણ કરાશે. આ શુભ કાર્યનો પ્રોજેક્ટ તા. ૨૯ મી મે, ૨૦૧૧ના રોજ સ્થાનિક ઓથોરીટીને સુપ્રત કરવામાં આવેલ છે.

**:: સ્કૂલ – નાઈરોબી ::**

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી દ્વારા સ્થાનિક પ્રજાના કલ્યાણ માટે અંદરના દૂર-દૂર વિસ્તારોમાં જઈ સ્કૂલની સુવિધા તેમજ ત્યાંના લોકો માટે ફૂડ પેકેટ, કપડાં વગેરની સેવા દર વર્ષે કરવામાં આવે છે અને હજારો પરિવાર આનાથી લાભાન્વિત થાય છે.

**:: સ્કૂલ – નાઈરોબી ::**

શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર દ્વારા દર વર્ષે આંતરિયાળ વિસ્તારમાં લોકો માટે મીઠાઈ, કપડાં વગેરેનું વિતરણ કરવામાં આવે છે. આ મંદિર દ્વારા એક મોટી આધુનિક સગવડ સજ્જ સ્કૂલ બનાવી દેવામાં આવનાર છે. જેનું કામ પૂરજોશમાં ચાલે છે.

**:: કંપાલા ::**

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કંપાલા દ્વારા યુગાન્ડાની ગરીબ પ્રજા માટે, બાળકો માટે દર વર્ષે ફૂડ પેકેટનું જાતે જઈ વિતરણ કરવામાં આવે છે અને એમ ભાવના છે કે આપણા મહારાજ રાજી થાય.

પ.પૂ. મહંતસ્વામી શ્રી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી આપણા દરેક કેન્યાના મંદિરો દ્વારા તેમજ વ્યક્તિગત ભક્તો સાથે મળીને પણ આવી અનેક સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યા છે. મહારાજ આવી સેવાકીય પ્રવૃત્તિમાં સહયોગી થતાં દરેક ભક્તોને નવી શ્રધ્ધા આપે અને પોતાના ધનનો સદુપયોગ કરતા રહે અને શ્રી નરનારાયણદેવના કૃપાપાત્ર થતા રહે એજ.

# માનસરોવર યાત્રા

શ્રીજી મહારાજની પૂર્ણ કૃપા અને વડીલ સંતોના આશીર્વાદથી તાજેતરમાં માનસરોવરની ભુજ મંદિરના સંતો અને હરિભક્તોની સંયુક્ત પ્રથમ યાત્રાનો સંકલ્પ પૂર્ણ થયો. તા. ૧-૮-૨૦૧૧ ની શુભ સવારે ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત પ.પૂ.સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ હાર પહેરાવી યાત્રાએ પ્રસ્થાન કરતા સંતોને આશીર્વાદ પાઠવ્યા હતા. આ પાવનકારી પ્રસંગે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદવર્ય પૂ. જાદવજી ભગત તથા વડીલ સંતોએ પણ નિર્વિઘ્ને યાત્રા પૂર્ણ થાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ્રવાસમાં જ્યારે ભક્તિભાવ ભળે ત્યારે એ સફર યાત્રા બની જાય છે. તેમાંય આતો બ્રહ્મનિષ્ઠ સંતો અને શ્રધ્ધાવાન હરિભક્તોનો સમુદાય હતો, જેમાં ભક્તિભાવને જ પ્રાધાન્ય હતું, તેથી પાવનકારી યાત્રા બની. ભુજથી પ્રયાણ કર્યા બાદ ખાણ ગામ થઈ સંઘ તીર્થસ્થાન મથુરા પહોંચ્યો. અહીં શ્રીકૃષ્ણ ભગવાનના જન્મસ્થાનના દર્શન કરી, વૃંદાવન, ગોકુળ વગેરે સ્થળોએ દર્શન, ભજન-કીર્તન કરી ધન્યતા અનભુવી. ત્યાંથી સંઘ હરિદ્વાર પહોંચ્યો. હરિદ્વારમાં ગંગામૈયાની પૂજા-અર્ચના કરી ગંગા સ્નાન કરી પવિત્ર થયા. લક્ષ્મણઝુલા અને રામઝુલાની પણ યાત્રા-દર્શન કર્યા બાદ યમુના નદીના ઉદ્‌ગમસ્થાન જમનોત્રી પહોંચ્યા. ત્યાં ગરમ પાણીના કુંડ

છે તેમાં શ્રધ્ધાપૂર્વક સ્નાન કર્યું. ત્યાંથી આપણા દેશની સૌથી પવિત્ર નદી ગંગામૈયાના ઉદ્‌ગમસ્થાન ગંગોત્રી પહોંચતાં હર્ષવિભોર બની ગયા. સ્નાનાદિકથી પરવારી દર્શન-પૂજન અને ભાવમયી આરતી ઉતારી. પાછા હરિદ્વાર થઈ ચક્રતીર્થ પહોંચ્યા. અહીં નૈમિષારણ્ય ક્ષેત્રમાં ધેનુમતી નદીના કિનારે સુતપુરાણીનો આશ્રમ છે. અહીં સુતપુરાણીએ અઠ્યાસી હજાર મુનિઓને પુરાણોની કથાઓ સંભળાવેલ.

અહીં દર્શનનો લાભ લઈ પવિત્ર કુંડમાં સ્નાન કરી ધન્યતા અનુભવી. ત્યાંથી ભગવાન શ્રીરામની ભૂમિ અયોધ્યા પહોંચ્યા. અહીં દર્શન કરી સરયુનદીમાં સ્નાન કરી સૌ પાવન થયા. ત્યાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણની જન્મભૂમિ છપૈયા પહોંચી દિવ્ય દર્શન કરી ધન્યતા અનુભવી. ભારતભૂમિનાં આવા યાત્રાધામોની યાત્રા બાદ નેપાળ તરફ પ્રયાણ કર્યું.

સંતો-હરિભક્તોએ પ્રભુનું સ્મરણ કરતાં નેપાળની ભૂમિમાં પ્રવેશ કર્યો. પોખરા થઈને ચક્ર નદીના તટે આવેલ પુલહાશ્રમ પહોંચ્યા. અહીં મુક્તિનાથ મંદિર, નૃસિંહ મંદિર વગેરે સ્થળોએ દર્શન-પૂજન-અર્ચન-કીર્તન કરી પુણ્યનું ભાથું બાંધ્યું. ત્યાંથી પરત પોખરા થઈ સંઘ નેપાળની રાજધાની કાઠમંડુ પહોંચ્યો. અહીં લંડન તથા મુંબઈથી યાત્રાર્થે પધારેલ આપણા હરિભક્તો આ સંઘ સાથે જોડાયા હતા. પશુપતિનાથનાં દર્શન કરી સૌ ધન્ય થયા. શ્રાવણ માસ નિમિત્તે અભિષેક અને રૂદ્રી કરાવી પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો હતો.

કાઠમંડુથી તા. ૨૦-૮-૧૧ ના આ સંઘે માનસરોવર તરફ પ્રયાણ કર્યું. નેપાળની બોર્ડર કોદારી સુધી નેપાળની ગાડીમાં અને ચીનની સીમામાં પ્રવેશ કરતાં ચીનની ગાડીમાં મુસાફરી શરૂ થઈ. ચીનની ગાડીમાં એક ગાડીમાં ચાર જણને જ પ્રવાસ કરવાનો હતો. માનસરોવર પહોંચતાં ચાર રાત્રી લાગી. તેમાં પહેલી અને બીજી રાત્રી ન્યાલમમાં વીતાવી, જ્યારે ત્રીજી રાત્રીનું રોકાણ સાંગામાં કર્યું. ત્યાંથી માનસરોવર પહોંચ્યા. ચોથી અને પાંચમી રાત્રી માનસરોવરમાં ગાળી. તા. ૨૪-૮-૧૧ ના માનસરોવરમાં સમૂહસ્નાન, મહાપૂજા આદિ કર્યા. માનસરોવના તટપર આખા વચનામૃતની સમૂહ પારાયણ, જનમંગલ, સર્વસંગલ, વિષ્ણુસહસ્ર, નારાયણ કવચ આદિના પાઠ કર્યા. અહીંથી કૈલાસ પર્વત તરફ પ્રયાણ કર્યું. કૈલાસની ભૂમિ જેટલી પવિત્ર છે તેટલી જ રમણીય છે. હિમાચ્છાદિત ગિરિમાળાઓને પ્રભુએ અદ્‌ભુત સૌંદર્યની લહાણી કરી છે. આલ્હાદક વાતાવરણ વચ્ચે સંઘ આગળ ધપ્યો. કૈલાસ પર્વત પર તેજપૂંજ વચ્ચે બ્રહ્મા-વિષ્ણુ-મહેશનાં દર્શન થાય છે. નદીનાં દર્શન, અષ્ટપદીનાં દર્શન અને તા. ૨૫-૮-૧૧ ના દારચેનમાં રાત્રી, યમદ્વારનાં દર્શન થાય છે. પાછળના ભાગમાં જોઈએ તો ગણપતિ-હનુમાનજીની હિમપ્રતિમાના દર્શન થાય છે. આગળથી ધ્યાનમગ્ન ભોળાનાથ શંકર, બાજુમાં પાર્વતી મૈયા, ત્રિશુલ અને જટામાંથી વહેતી ગંગાનદી વગેરેનાં દર્શન (આભાસ) થાય છે. તા. ૨૬-૮-૧૧ ના દેરાપુક રાત્રી, ૧૭,૦૦૦ ફીટની ઊંચાઈએ આ કઠિન પરિક્રમા પૂર્ણ યુથલપુકમાં રાત્રી, કરી પરત આવ્યા. ત્યાંથી માનસરોવર પહોંચી ફરીવાર સ્નાનાદિથી પાવન થઈ કાઠમંડુ પહોંચ્યા. ત્યાંથી દિલ્હી-અમદાવાદ થઈને તા. ૩-૯-૧૧ ના સવારે ભુજ આવ્યા વચ્ચે અંજાર થઈ ભુજ પહોંચતાં જ પ.પૂ. મહંતસ્વામીએ પુષ્પમાળાથી તમામ યાત્રિકોનું અભિવાદન કર્યું.

નિર્વિઘ્ને યાત્રા પૂર્ણ થતાં તેમજ આવી યાત્રા કરવાનું અહોભાગ્ય પ્રાપ્ત થતાં શ્રીહરિની પ્રસન્નતાર્થે શ્રી નરનારાયણદેવના થાળ, સંતોને રસોઈ અને સાંજે ઠાકરથાળીનું આયોજન યાત્રિકોએ કર્યું હતું. બીજા દિવસે સુખપર (નરનારાયણનગર) માં અને ત્રીજા દિવસે મદનપુરમાં ઠાકરથાળી દ્વારા પ્રભુની પ્રસન્નતાર્થે સૌએ પ્રાર્થના કરી ધન્યતા અનુભવી હતી.

આ યાત્રામાં ભુજ મંદિરના શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી, કોઠારી સ્વામી ધર્મપ્રકાશદાસજી, પાર્ષદવર્ય પૂ. માવજી ભગત, સ્વામી જ્ઞાનસ્વરૂપ દાસજી, સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી ધર્મસ્વરૂપ દાસજી સહિત સંતો અને હરિભક્તો મળી કુલ્લ ૨૫ જણ જોડાયા હતા.

# સંસ્થા સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ : વિવિધ ઉત્સવો

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

**સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનાં કીર્તન અને મહાઆરતી**

તા. ૨૮-૮-૧૧, રવિવારની સાંજે ૪ થી ૭ ના સમયમાં સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને આશીર્વાદ સાથે ભુજ શ્રી પ્રસાદીના સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના ૧૦૮ કીર્તનોનો સંગીતમય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંતોએ કીર્તનોની રમઝટ બોલાવી શ્રોતા હરિભક્તોને ખુશ કરી દીધા હતા. ત્યારપછી કીર્તન ઉત્સવની સમાપ્તિ થતાં મહાઆરતીનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું આયોજન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજ તરફથી કરવામાં આવ્યું હતું, જેમાં પ.પૂ. મહંતસ્વામી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી નિરંજનમુક્તદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી આદિ વડીલ સંતો તથા નાના મોટા સંતોની ઉપસ્થિતિ પ્રેરક બની હતી. હરિભકતોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી કીર્તન ભક્તિ તથા મહાઆરતી દર્શનનો લાભ લીધો.

આ પ્રસંગે પૂ. મહંતસ્વામીએ ઉદ્‌બોધન કરતાં કીર્તનનો મહિમા સમજાવતાં જણાવ્યું કે શ્રીજી મહારાજના સમયમાં કીર્તનો ભગવાનને અનુલક્ષીને લખાયાં છે અને ભગવાન આગળ સંગીત સાથે ગવાયાં છે. ભગવાને કીર્તનભક્તિને ઉત્તમ કહી છે. એક જ સંતના કીર્તનો એકસાથે સાંભળવા મળે તેવા પ્રયોજનથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભુજ તરફથી આ કાર્યક્રમ રાખવામાં આવ્યો તેની પ્રશંસા કરી ધન્યવાદ આપ્યા હતા. પૂ. મહંતસ્વામીએ ૧૦૮ કીર્તનને મણકાની માળા સાથે સરખાવ્યાં હતાં. જેમ દરેક મણકો ફેરવ્યા પછી મૂર્તિનું ચિંતવન કરવાની તક મળે છે તેમ દરેક કીર્તન પછી મૂર્તિનું ચિંતવન કરવાની તક મળે છે.

સમૂહ આરતી પછી પ્રસાદ વિતરણ સાથે આનંદી વાતાવરણમાં કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

**: પ.પૂ. મહંતસ્વામીનું વિદેશ ગમન :**

શ્રીજી મહારાજની અસીમકૃપાથી મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) માં શ્રી સ્વામિનારાયણ મંદિરના નવનિર્માણની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે પ.પૂ.સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ સાકાર થનાર નૂતન મંદિરનું સ્વહસ્તે શુભ ખાતમુહૂર્ત કરવા તા. ૫-૯-૧૧ ના દિવસે મેલબોર્ન જવા પ્રયાણ કર્યું. પૂ. મહંતસ્વામી સાથે સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદ દાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદ દાસજી તથા શા. સ્વામી દેવચરણદાસજી આદિ સંતો પ્રવાસમાં સામેલ છે.

તા. ૯-૧૦-૧૧, રવિવારના દિવસે નિર્ધારિત ખાતમુહૂર્ત નિમિત્તે કથાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ પણ પ.પૂ. મહંતસ્વામીની સાથે ઉપસ્થિત રહી આશીર્વાદ આપશે.

પ.પૂ. મહંત સ્વામી મેલબોર્ન ઉપરાંત ઓસ્ટ્રેલિયામાં જુદા-જુદા સ્થળોએ નિવાસ કરતા

હરિભક્તોને કથાવાર્તા દર્શન સત્સંગનો લાભ આપશે. તેઓશ્રીના દોઢ માસના વિદેશ વિચરણમાં ન્યુઝીલેન્ડ તથા સિંગાપુરના પ્રવાસનો કાર્યક્રમ પણ ત્યાંના હરિભકતોને સત્સંગનો લાભ આપવા ગોઠવાયો છે.

કાર્યક્રમના આયોજન પ્રમાણે પૂ. મહંતસ્વામી ભુજથી ઓસ્ટ્રેલિયા, ઓસ્ટ્રેલિયાથી ન્યુઝીલેન્ડ, ન્યુઝીલેન્ડથી ઓસ્ટ્રેલિયા પધારશે. તે પછી ઓસ્ટ્રેલિયાથી સિંગાપુર હરિભક્તોની મુલાકાત લઈ સત્સંગ દર્શનનો લાભ આપી સૌને રાજી કરી ભુજ પધારશે.

**: માનસરોવર-કૈલાસના યાત્રિક સંતોનું પ્રત્યાગમન :**

ભુજ મંદિરેથી પ.પૂ.સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ સાથે છ સંતો શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી, સ્વામી ધર્મપ્રકાશદાસજી, સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, પાર્ષદ માવજી ભગત આદિક અને તેમની સાથે ચોવીસીમાંથી ૧૯ હરિભક્તો તા. ૧-૮-૧૧ ના દિવસે કૈલાસ-માનસરોવરની યાત્રાએ ગયા હતા. તે સર્વે પોતાનો યાત્રા પ્રવાસ હેમખેમ પૂર્ણ કર્યો હતો. તા. ૩-૯-૧૧, શનિવારે સવારે ૯:૦૦ વાગતાં ભુજ મંદિરે પહોંચી આવ્યા હતા.

એ જ દિવસે સવારે ૧૦:૩૦ વાગતાં પ.પૂ. મહંતસ્વામીના અધ્યક્ષપદે મંદિરના સભાખંડમાં મિલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજીએ શ્રીજી મહારાજના અમૃતવચનો સંભળાવ્યા પછી કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ કાર્યક્રમની વિગતો સમજાવી હતી. ત્યારપછી સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજીએ યાત્રાપ્રવાસની વિસ્તારપૂર્વક માહિતી આપી હતી.

પ.પૂ. મહંતસ્વામીએ યાત્રિકોને આશીર્વાદ આપતાં જણાવ્યું કે ભક્તિમાર્ગમાં યાત્રાનું મોટું મહત્વ છે. શ્રીજી મહારાજે ભારતભરનાં તીર્થસ્થાનોની પગે ચાલીને યાત્રા કરી હતી. યાત્રા ફરવા માટે નહીં પણ ભગવાને જે તે સ્થળોએ કરેલ લીલાઓ યાદ રાખવા માટે હોય છે. અંતસમયમાં તીર્થસ્થળોની યાદ આવી જાય તો ભગવાનનું સ્મરણ થઈ આવે છે અને જીવનું કલ્યાણ થઈ જાય છે. ધુન સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

## : જલઝીલણી એકાદશી ઉત્સવ :

જલઝીલણી એકાદશી અને પરિવર્તની એકાદશી એમ બેવડું મહત્વ ધરાવતી ભાદ્રપદ શુક્લ એકાદશી, ગુરુવારના રોજ જલઝીલણીનો ઉત્સવ ભારે ઉત્સાહ અને દબદબા સાથે ભક્તિભાવના ઊર્મિભર્યા વાતાવરણમાં ઉજવવામાં આવ્યો.

સવારના ભાગમાં પૂજારી મંડળે સુંદર વાઘા અને સુવર્ણ અલંકારો સાથે સજાવેલા ઠાકોરજી દિવ્ય દર્શન આપતા હતા ત્યારે કોડી વિભાગમાં મંચ ઉપર સરોવરમાં ભગવાને યાંત્રિક નૌકામાં બિરાજી નૌકાવિહારની જલક્રીડા દ્વારા હજારો હરિભક્તોના નયનોમાં પરોવાઈ પ્રત્યેક હરિભકતને આનંદના અનુભવની તૃપ્તિ કરાવી.

બપોર પછી ચાર વાગતાના સમયે આનંદકંદ રાજાધિરાજ શ્રીહરિની શોભાયાત્રાની સવારીનું ભુજના શણગારસમા, જેમાં શ્રીહરિએ સંતો સહિત અનેકવાર સ્નાનક્રીડા કરી છે એવા પ્રસાદીભૂત હમીરસરના ગૌઘાટ ઉપર જવા પ્રસ્થાન થયું. શોભાયાત્રાની રમણીયતા કંઈ ઓર હતી. દિવ્ય ! અદ્‌ભુત !

શોભાયાત્રામાં સૌથી આગળ ભરતખંડના રાજાધિરાજની સવારીનો ડંકો બજાવતી સુખપર ગામની બેન્ડપાર્ટી સાથે હરિભક્તો, કીર્તનમંડળીના કીર્તનો અને તબલાંના તથા કડતાલના તાલે મંડળીના ગોળાકાર વચ્ચે ફુદડી ફરીને ઠેક લેતા શ્રીહરિમાં તન્મય હરિભક્તો, મંદિરના કોઠારી શ્રી રવજીભાઈ ભુડિયા, ટ્રસ્ટી શ્રી પ્રેમજીભાઈ રાઘવાણી, ટ્રસ્ટી શ્રી મુરજીભાઈ શીયાણી, સમાજના અગ્રણી ધુરંધરો અને હરિભક્તો અને અલાયદી ગોઠવણમાં સાં.યો. મહંત સામબાઈ ફઈના નેતૃત્વમાં સાં.યો. તેમજ કર્મયોગી બહેનો - આ બધાની

વચ્ચે શણગાર અને ફરકતા ધ્વજોથી દીપતી રત્નજડિત સુવર્ણમય પાલખીમાં દર્શન આપતા સર્વોપરી શ્રીહરિ ! દેવ, યક્ષ, ગંધર્વ પણ દર્શન કરતાં આકાશમાં થંભી ગયા. ઘડીવાર દિશાઓના દિગ્પાલ પણ ડોલી ઊઠ્યા.

આમ તો વર્ષો વર્ષ જલઝીલણીનો ઉત્સવ ઉજવાય છે. આ વર્ષે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ઉત્સાહી યુવક ભક્તોએ મોટા આયોજન સાથે ભપકાબંધ ઉત્સવ ઉજવવાની ઈચ્છા દર્શાવી. જેથી પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની આજ્ઞાથી આ ભવ્ય ઉત્સવને માણવાનું સૌભાગ્ય ભક્તવર્ગને પ્રાપ્ત થયું.

કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી ઘનશ્યામસેવકદાસજી, ઉપકોઠારી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી તથા ઉપકોઠારી સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ કાર્યક્રમની વ્યવસ્થા કરી. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી સહકારમાં રહી આવશ્યકતા પ્રમાણે સેવારત રહ્યા. અથેતી આયોજન સ્વામી જ્ઞાનસ્વરૂપ દાસજીએ પાર પાડ્યું.

શોભાયાત્રા હમીરસર તટે પહોંચી ગૌઘાટ સમીપમાં સભારૂપે ગોઠવાઈ ગઈ. મંચ આગળ ખુરશીમાં વડીલ સંતો, મંચ ઉપર નાના-મોટા સંતો અને દર્શન આપતા ઠાકોરજી આગળ વિશાળ સમુદાયમાં ગામગામના હરિભક્તોનો વિશાળ મહેરામણ. સમગ્ર દૃશ્ય અચરજકારી બની રહ્યું.

કાર્યકર્મની શરૂઆતમાં સ.ગુ.પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજીએ શ્રી સહજાનંદસ્વામીએ સ્વમુખે કહેલાં વચનામૃતોની અમૃતવાણીનું મંગલકારી અમૃતપાન કરાવ્યું.

સભાના સંચાલક કોઠારી સ્વામી પુરુષોત્તમ દાસજીએ આજના ઉત્સવનું મહાત્મ્ય સંભળાવી કાર્યક્રમની વિગતો આપી.

ત્યારપછી પુ. સ્વામી શ્રી પ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા મંદિરના કોઠારી રવજીભાઈ ભુડિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. તેમાં ખાસ કરીને શ્રીજી મહારાજે આપેલી અવનવા ઉત્સવોની ભેટ, જલઝીલણી એકાદશી અને શ્રીહરિની જલક્રીડા, હમીરસરમાં શ્રીજી મહારાજે સંતો-હરિભક્તો સાથે અનેકવાર કરેલ સ્નાન, સ.ગુ. સ્વામી સંતદાસજીનું હમીરસરમાં ડૂબકી મારી બદરિકાશ્રમ પહોંચવું અને હમીરસરનું તીર્થ માહાત્મ્ય વગેરે વિષયોને ન્યાય આપી સભાને મંત્રમુગ્ધ કરી.

સભા દરમ્યાન સાં.યો. તથા કર્મયોગી બહેનોએ સાં.યો. મહંત સામબાઈ ફઈની સાથે સમૂહમાં ધાર્મિક મંત્રોનું રટણ કર્યું.

કાર્યક્રમ દરમ્યાન ઠાકોરજીનો, ગૌઘાટ આગળ સરોવરમાં ગોઠવેલ પાટ ઉપર યજમાનોને હસ્તે પૂજનવિધિ કરવામાં આવ્યો. પૂજનવિધિની સમાપ્તિમાં અષ્ટોત્તર શત (૧૦૮) વાટની આરતીનું દૃશ્ય હૃદયસ્પર્શી બન્યું.

ઉત્સવના યજમાનશ્રી (૧) પોપટ પુંજા નિસર, સુપુત્ર તલકશી પોપટભાઈ નિસર (૨) ધરમશી ખીરા ખુથીયા, સુપુત્ર દિનેશ ધરમશીભાઈ, પૌત્ર દિવ્યપ્રકાશ આદિકનું સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા પ.પૂ. જાદવજી ભગતને હસ્તે ફૂલહાર પહેરાવી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ સભા સમાપન અવસરે આશીર્વાદ આપતાં ઉત્સવો ઉજવવામાં શ્રીજી મહારાજની અંતરગત ભાવનાને સમજાવી જણાવ્યું કે ઉત્સવ સમૈયાનું દર્શન અંત સમયે થઈ આવે તો તે સાથે ભગવાનનું સ્મરણ થઈ આવે છે અને જીવનું કલ્યાણ થાય છે.

સભા સમાપન થતાં જ શ્રીહરિની નૌકાવિહાર લીલાના કાર્યક્રમનો દોર શરૂ થયો. યુવકમંડળના હોંશીલા યુવાનોએ ઘાટની આસપાસ જામેલા કચરાના

ઢગલાબંધ થર શ્રમયજ્ઞ દ્વારા સફાઈ કાર્ય કરી સરોવરના કિનારાને આગલે દિવસેજ સ્વચ્છ કરી દીધા હતા. સરોવરની ચમકદાર સપાટી ઉપર પાંચ નૌકાઓ તૈયાર હતી. ઠાકોરજી સાથે નૌકામાં યજમાનો તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભ દાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્ત દાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, સ.ગુ. સ્વામી હરિબલદાસજી આદિક વડીલ સંતો નૌકાવિહારમાં સામેલ થયા. સોતો હલેસાં સંભાળી નાવિકની ફરજ અદા કરી શ્રીહરિને નૌકાવિહાર કરાવી રાજી કર્યા. નાનામોટા સંતો સાથે કોઠારી શ્રી રવજીભાઈ ભુડિયા, ટ્રસ્ટી શ્રી પ્રેમજીભાઈ રાઘવાણી, ટ્રસ્ટી શ્રી મુરજીભાઈ શીયાણી આદિ કાર્યકર્તા તેમજ અગ્રણી હરિભક્તોએ જુદી-જુદી નૌકાઓમાં વિહાર કર્યો. આ અદ્‌ભુત દૃશ્યના દર્શનનો આનંદ ઉપસ્થિત તમામ દર્શકો માટે મૂલ્યવાન સંભારણું બની ગયો.

**: ચમક ઝમક :**

❖ તા. ૧-૯-૧૧, ભાદરવા સુદ ૪, ગુરુવારે શ્રી ગણેશચોથના તહેવારે સવારે શ્રી ગણપતિદાદાનું મંત્રોચ્ચાર સાથે વિધિપૂર્વક પૂજન કરવામાં આવ્યું. ચુરમાના લાડુનું નૈવેદ્ય ધરાવવામાં આવ્યું. રાત્રે ૮:૦૦ વાગ્યે પ.પૂ. મહંતસ્વામીએ આરતી ઉતારી હતી. હરિભક્તોએ દર્શનનો લાભ લીધો.

❖ તા. ૧-૯-૧૧, ભાદરવા સુદ ૪, ગુરુવારે ગણેશચોથના તહેવારે પ્રસાદીના મંદિરે ગણપતિદાદાના મૂર્તિની સ્થાપના કરવામાં આવી. પ્રસાદી મંદિરના મહંતસ્વામી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણ-દાસજીએ પ.પૂ.મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી સંતો તથા હરિભક્તોના સહયોગપૂર્વક તા. ૧-૯-૧૧ થી ચાર દિવસ સુધી ગણેશઉત્સવની ધામધૂમથી ઉજવણી કરી. દરરોજ પૂજન કીર્તનથી ભક્તિભાવના વાતાવરણમાં હરિભક્તોએ દર્શનનો આનંદ અનુભવ્યો.

❖ તા. ૫-૯-૧૧, ભાદરવા સુદ ૮, સોમવારે રાધિકાજીના જન્મદિવસના તહેવાર (રાધાષ્ટમી) ના દિવસે પૂજારી મંડળના સંતોએ રાધાજીને શણગાર સાથે સુવર્ણ મુગુટ ધારણ કરાવ્યો. બપોરના ૧૨ વાગતાં જન્મોત્સવની આરતી ઉતારી.

❖ મંદિર તરફથી ભુજમાં નીચે પ્રમાણે સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૨૮-૮-૧૧, રવિવાર, સાંજે ૫:૦૦ થી ૬:૩૦, રઘુવંશીનગર, શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે મહાઆરતી સાથે આયોજન કરવામાં આવ્યું.

તા. ૪-૯-૧૧, રવિવાર, સાંજે ૫:૦૦ થી ૬:૩૦ આર.ટી.ઓ. રી-લોકેશન સાઈટ, ગણેશચોક, પાણીના ટાંકા નીચે.

તા. ૧૮-૯-૧૧, રવિવાર, સાંજે ૫:૦૦ થી ૬:૩૦ શ્રી શિરોમણીરાયજી મંદિર, જૂની શાક માર્કેટ પાસે.

❖ તા. ૮-૯-૧૧, ભાદ્રપદ શુક્લ ૧૧ ના દિવસે શણગાર આરતી પછી મંદિરે દેવોનાં શિખરો ઉપર ધજારોપણનો ઉત્સવ સંપન્ન થયો. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતો સાથે યજમાનોએ ધજાનું વિધિપુરસ્સર પૂજન કર્યું. તે પછી યજમાન હરિભક્તોએ સ્વહસ્તે શિખરો ઉપર ધજાઓ ફરકાવી. યુવાન સંતો યજમાનશ્રીઓને શિખર સુધી પહોંચવામાં મદદગાર રહ્યા હતા.

**:: પાલારા જેલમાં સંતો દ્વારા ખાસ કાર્યક્રમ ::**

રક્ષાબંધન અને સ્વાતંત્ર્ય દિવસને અનુલક્ષી શ્રી સ્વામિનારાયણ મંદિરના સંતોના સહયોગથી ભુજની ખાસ પાલારા જેલમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં મંદિરના કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત, જેલ અધિક્ષક શ્રી એસ. રબારી સાહેબ, જેલર શ્રી એમ. જાડેજા સાહેબ, મંદિરના પૂજારી, મહેશભાઈ બાવાએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. મંદિરના સંતો કોઠારી સ્વામી ઘનશ્યામસેવકદાસજી, સ્વામી નિલકંઠસ્વરૂપ

દાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી રબારી સાહેબે સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર્યા હતા.

જેલમાં કેદી ભાઈ બહેનોને ધાર્મિક પુસ્તકો, ફલાહાર અને મીઠાઈ વિતરણ કરવામાં આવ્યું, તે પછી સંતોએ તેમને ઉદ્‌બોધન કરી ધાર્મિક બોધ આપ્યો હતો.

કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ્વામી ધર્મવિહારીદાસજી, સ્વામી શ્રીજીસ્વરૂપદાસજીએ સદાચાર અને સત્કર્મો કરી ગુનાખોરીથી મુક્ત પવિત્ર જીવન જીવવા ધર્મનું પાલન, ભગવાનની ભક્તિ, સંત-સમાગમ વગેરે પર ભારપૂર્વક સમજ આપી હતી. કેદીભાઈઓને ભૂલનું પ્રાયશ્ચિત કરી ફરીવાર એવી ભૂલો ન કરવા શીખામણ આપી, જન્મ-મરણની જેલમાંથી છુટવા સંતસમાગમની અગત્યતા સમજાવી હતી.

કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન વસંતભાઈ અજાણીએ કર્યું હતું. નવીનભાઈ ગોર, સુબેદાર શ્રી અગ્રાવત સાહેબ, આહીર માવજીભાઈ, વાલાભાભાઈ તથા શામજીભાઈ કાર્યક્રમમાં સહયોગી રહ્યા હતા.

ત્યારપછી ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતો તથા રામેશ્વર મંદિરના સમિતિના સંતો પાલારાના ઓગનાઈ ગયેલા રામેશ્વર તળાવને વધાવવા વાજતે-ગાજતે શોભાયાત્રા સ્વરૂપે તળાવે પહોંચ્યા હતા. ત્યાં વરુણદેવનું પૂજન કર્યા બાદ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો તથા જેલર શ્રી મનુભા જાડેજા, પૂજારી બુધગરજી, શ્રી મહેશ બાવા, પાંચાભાઈ આહીર, વસંતભાઈ અજાણી આદિક સંતો હરિભક્તોને હસ્તે સ્વામી ધર્મવિહારીદાસજીએ શાસ્ત્રોક્ત પૂજનવિધિ કરાવી હતી. અરવિંદભાઈ ગોર, કિશોર બાપુ, વાલાભાઈ આહીર, માવજીભાઈ આહીર વગેરે સમિતિના કાર્યકરોની ઉપસ્થિતિમાં મેઘમહેરની ખુશહાલીમાં મીઠાઈનું વિતરણ કરાયું હતું.

## :: ભારે વરસાદથી સંકટગ્રસ્ત પરિવારોને ૪૦,૦૦૦ ફૂડ પેકેટનું વિતરણ ::

તાજેતરમાં તા. ૬-૯-૧૧, મંગળવારે ભુજમાં થયેલ ભારે વરસાદને કારણે અનેક પરિવારોના ઘરોમાં પાણી ભરાઈ જતાં ઘરવખરી તેમજ દૈનિક જીવન અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં. પરંપરા મુજબ, જ્યારે પણ કુદરતી આપત્તિ આવે છે ત્યારે જનસેવાર્થે સહાય કરવામાં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર અગ્રેસર રહેતું આવ્યું છે. આ આપત્તિમાં પણ જિલ્લા કચ્છના કલેકટર સાહેબની વિનંતીથી મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત આદિક વડીલ સંતોની પ્રેરણાથી કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી ઘનશ્યામસેવકદાસજી આદિ સંતોએ દેખરેખ રાખી માધાપરના હરિભક્તો દ્વારા ભાઈઓ તથા બહેનો પાસે ૪૦,૦૦૦ (ચાલીસ હજાર) ફુટ પેકેટ યુધ્ધના ધોરણે તાત્કાલિક તૈયાર કરાવ્યાં હતાં. સ્મૃતિ મંદિરના વિદ્યાર્થીઓએ પેકેટ ભરી તૈયાર કર્યા હતાં.

ભુજ મંદિરના કોઠારી શ્રી રવજીભાઈ ભુડિયા, ટ્રસ્ટી શ્રી મુરજીભાઈ શીયાણી તથા પી. પી. સ્વામી આદિ સંતોએ જાતે ફરીને સંજોગ નગર, કજલી નગર, આશાપુરા નગર વગેરે નીચાણવાળા ભાગોમાં અસરગ્રસ્ત પરિવારોને ફુડપેકેટનું વિતરણ કર્યું હતું. આ ઉપરાંત મંદિરની શૈક્ષણિક સંસ્થાઓમાં રહેવા-સૂવાની સગવડ તેમજ સરકરી કર્મચારીઓ સહિત ત્રણસો ઉપરાંત અસરગ્રસ્ત નાગરિકોને રોજ બે ટાઈમ જમવાની વ્યવસ્થા આપવામાં આવી હતી.

આમ મોરબી હોનારત હોય કે કંડલાનું વાવાઝોડું હોય કે કચ્છનો ભૂકંપ હોય કોઈપણ આપત્તિકાળમાં સ્વામિનારાયણ મંદિરના બ્રહ્મનિષ્ઠ સંતો તથા મંદિરના કાર્યકર્તા હોદ્દેદારો માનવસેવામાં અગ્રસર રહી શ્રીહરિને રાજી કરે છે

- અહેવાલ : ઓ. વ્યાસ

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન : સરસ્વતી સન્માન સમારંભ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન-ભુજનો વર્ષ ૨૦૧૦-૧૧ નો સરસ્વતી સન્માન સમારંભ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત, સ્વામી નિલકંઠચરણદાસજી, સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી, વિદ્યાર્થી ભવનના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજી, સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી, પ્રસાદી મંદિરમાં ચાલતા વિદ્યાર્થી સ્વામી અભ્યાસ કેન્દ્રના ગુરુવર્ય શ્રી વિજયરાઘવાચાર્ય તથા શ્રી મહેન્દ્રાચાર્ય, ટ્રસ્ટીમંડળના હોદ્દેદારો, સભ્યો, વિદ્યાર્થી સ્વામી અભ્યાસ કેન્દ્રના સંતો તથા અન્ય અતિથિઓની ઉપસ્થિતિમાં યોજાયેલ હતો.

સ્વાગત પ્રવચન કરતાં વિદ્યાર્થી ભવનના પ્રમુખ શ્રી મુરજીભાઈ શીયાણીએ પધારેલ સંતો, ટ્રસ્ટીઓ, અતિથિઓને આવકાર્યા હતા. સન્માનિત થયેલ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે પૂર્વ વિદ્યાર્થી તથા તે દિવસની રસોઈના દાતા શ્રી જગદિશભાઈ વાઘાણી તથા વિદ્યાર્થી સ્વામી આનંદવલ્લભદાસજીએ પણ વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા.

વિદ્યાર્થીઓને આશીર્વચન આપતાં ભુજ મંદિરના કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગતે જણાવ્યું હતું કે મંદિર દ્વારા વિદ્યાર્થીઓને સારી રીતે અભ્યાસ કરી શકે તે માટે તમામ સુવિધા પૂરી પાડેલ છે. જે સુવિધાનો મહત્તમ ઉપયોગ કરીને સારા ટકા લઈ સંસ્થાનું નામ રોશન કરવા જણાવ્યું હતું. હજુ પણ કંઈ અસુવિધા હોય તો તેની પૂર્તિ માટે મંદિર તૈયાર હોવાનું જણાવ્યું હતું.

ભવનના સંચાલક શા. સ્વામી હરિવલ્લભ દાસજીએ ગત વર્ષે સંસ્થાના ૧૦૦% પરિણામ માટે વિદ્યાર્થીઓ, તેમના માર્ગદર્શક શિક્ષકો તથા ગૃહપતિની મહેનતને બિરદાવી હતી. આ વર્ષે પણ આ પરંપરા જળવાય તેવી નેમ વ્યક્ત કરી હતી.

સંત અભ્યાસ કેન્દ્રના શ્રી વિજયરાઘવાચાર્યએ અપરા વિદ્યા અને પરા વિદ્યાનો ભેદ સમજાવતાં જણાવ્યું હતું કે અપરા વિદ્યા પૂર્ણ કરી લૌકિક સુખ પ્રાપ્ત કરી શકાય છે અને પરા વિદ્યા ભગવત પ્રાપ્તિ અને મોક્ષ માટે પ્રાપ્ત કરાય છે. તેમણે વિદ્યાર્થીઓને પરા વિદ્યા માટે ઉન્મુખ બનવા તથા વ્યાયામ, યોગ, સંગીત અને સાહિત્યમાં નિપૂણતા કેળવવા પ્રત્યે ભાર મુક્યો હતો.


સ્વામી શ્રીજીસ્વરૂપદાસજીએ હળવી શૈલીમાં પ્રાસંગિક આપતાં વિદ્યાર્થીઓને ભીમ-અર્જુનનો પ્રસંગ સમજાવીને સંસ્કારયુક્ત વિદ્યા પ્રાપ્ત કરી દેશના એક સારા નાગરિક બનવા જણાવ્યું હતું. શાળાના આચાર્ય શ્રી મગનભાઈ સુથારે વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં સંસ્થાને તેમની ચિંતા છે તેમ જણાવી સન્માનિત કરાયેલ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. તેમણે સન્માનથી બાકી રહેલા વિદ્યાર્થીઓને વધુ મહેનત કરી આવતા વર્ષે ઈનામ માટે હક્કદાર બનવા જણાવ્યું હતું.

વિદ્યાર્થી ભવનના ધો. ૮, ૯ તથા એસ.એસ.સી. પરીક્ષાનું આ વર્ષનું પરિણામ ૧૦૦% આવેલ હતું. એસ.એસ.સી. તેમજ ધો. ૮ અને ૯ ના ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તમામ વિદ્યાર્થીઓને સંસ્થાએ ઈનામ આપી સન્માનિત કરેલ હતા. આ પ્રસંગે તેમને માર્ગદર્શન આપનાર શિક્ષકો અને ગૃહપતિઓને પણ સન્માનિત કર્યા હતા.

શા. સ્વામીના હસ્તે સંત અભ્યાસ કેન્દ્રના બન્ને આચાર્યોનું શાલ તેમજ પારિતોષિકથી ખાસ સન્માન કરાયું હતું.

# આફ્રિકા ખંડના ગરીબ લોકોની સહાયમાં આપણા સંતો તથા ભક્તો...





















૧. શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર તરફથી બાળકોને અપાતી સહાય-કંપાલા. ૨. કેન્યાના દૂર દૂર જંગલમાં રહેતી ગરીબ પ્રજા માટે સ્થાનિક ભક્તો દ્વારા સંતોના હસ્તે સહાય વિતરણ. ૩-૪. પ.ભ. કેશવજીભાઈ પ્રેમજી ભુડીયા પરિવાર દ્વારા અતિ ગરીબ, અલ્પબુદ્ધિ વાળા બાળકોને સહાય કરતા પ.પૂ. મહંત સ્વામીના આશીર્વાદ-મોમ્બાસા સહજાનંદ સ્પેશ્યલ સ્કૂલ. ૫-૬. શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર દ્વારા સ્થાનિક લોકો માટે થતું અન્ન વિતરણ - નાઈરોબી. ૭. કેન્યાની મોટામાં મોટી સ્કૂલ જેની સેવા કરી છે પ.ભ. કેશવજીભાઈ તથા કાનજીભાઈ પ્રેમજી ભુડીયા પરિવાર ફોટડી હાલે મોમ્બાસા. ૮-૯. શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર દ્વારા સ્થાનિક લોકો માટે થતુ અન્ન વિતરણ નાઈરોબી - કેન્યા.




નાઈરોબી લેનાના સ્કૂલમાં સત્સંગ શિબિરનું દીપ પ્રાગટ્ય કરતા પ.ભ. લક્ષ્મણભાઈ, પ.ભ. કાન્તિભાઈ, નાઈરોબીના બંને મંદિરના પ્રમુખશ્રીઓ સાથે અગ્રણી હરિભક્તો તેમજ સત્સંગ શિબિર દરમ્યાન બાળકોને પ્રાતઃ પૂજાની વિધિ સમજાવતા સંતો



વિશાળ સભામંડપમાં ઉપસ્થિત બહોળી સંખ્યામાં યુવાન હરિભક્તો - નાઈરોબી



શિબિરમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત બહેનો હરિભક્તો - નાઈરોબી




શિબિરાર્થીઓ માટે ભોજનની તૈયારી કરતા ભક્તો તથા બહેનો - નાઈરોબી



શિબિરાર્થીઓને મોમેન્ટો આપતા સંતો-નાઈરોબી



સ્વાહીલી ભાષામાં શિક્ષાપત્રીનું વિમોચન કરતા પ.પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજી



શિબિરનું દિપપ્રાગટ્ય કરતા સંતો




શ્રી. કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોમાં જન્માષ્ટમીના શુભદિવસે
જન્મોત્સવની આરતીનો લાભ લેતા ભક્તો તથા બહેનો ભક્તો - હેરો.




શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરના શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના યુવાનોની ૪ દિવસીય શિબિરમાં
સહભાગી યુવાનો તથા શિબિરમાં પધારેલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા મંદિરના પ્રમુખ વિશ્રામભાઈ માયાણી - હેરો



શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનના શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના યુવાનોની
૭ દિવસીય શિબિરમાં ઉપસ્થિત બાળકો તથા યુવાનો તેમજ સહભાગી યુવતીઓ - વિલ્સડન








કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રવાપર, નેત્રા, ગડાણી,
આમારાના યુવાનો વનમહોત્સવમાં સંતોની અમૃતવાણીમાં મત્સગુલ ભક્તજનો.






શ્રીહરિતપોવન ગુરૂકલ રામપર-વેકરા ગંગાજી - વિજ્ઞાન મેળામાં ઉપસ્થિત આયોજકો
તથા સંચાલકો તથા પસંદગી પામેલ કૃતિ સાથે વિદ્યાર્થીઓ - તપોવન ગુરૂકુલ



ભાદરવા સુદ-૪ ના રોજ ગણેશજીના પૂજનની આરતી
ઉતારતા પ.પૂ. મહંત સ્વામી તથા જાદવજી ભગત - ભુજ



શ્રી સ્વામિનારાયણ મંદિર નરનારાયણ નગર
સુખપરમાં કૃષ્ણ જન્માષ્ટમી

આ પ્રસંગે વિદ્યાર્થી ભવનના ઉપપ્રમુખ શ્રી જનકભાઈ ભટ્ટ, મંત્રી શ્રી અર્જુનભાઈ હરજી દુબાસીયા, કેળવણીમંડળના પ્રમુખ શ્રી કરસનભાઈ જેસાણી, મંત્રી શ્રી અરજણભાઈ લાલજી દબાસીયા, ટ્રસ્ટીમંડળના સભ્યો શ્રી ભરતભાઈ મહેતા, શ્રી લાલજીભાઈ રૂપાલીયા, શ્રી વાઘજીભાઈ પટેલ, શ્રી કરસનભાઈ હાલાઈ, શ્રી રામજીભાઈ જેસાણી, કેન્યાથી પધારેલ શ્રી ધનજીભાઈ પટેલ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી દેવનંદનદાસજીના સંગીતના સથવારે પ્રાર્થના, સ્વાગતગીત તેમજ ઉપદેશ ગીત વિદ્યાર્થીઓએ રજૂ કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રી હિતેશભાઈ વ્યાસે, આભારવિધિ શ્રી ટીનેશભાઈ ગોરે તથા વ્યવસ્થા ગૃહપતિ શ્રી ચંદુભાઈ વ્યાસે સંભાળેલ હતી.

- અહેવાલ : શા. સ્વામી હરિવલ્લભદાસજી

## માનકુવા : ગુરુકુલનું ગૌરવ

તાજેતરના ભુજ ખાતે યોજાયેલ અન્ડર ૧૭ ની ખોખોની સ્પર્ધામાં કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શ્રી સહજાનંદ ગુરુકુલ-માનકુવા રાજ્યકક્ષાએ સિલેકશન પામ્યું છે તથા અન્ડર ૧૯ ની કબડ્ડીની સ્પર્ધામાં હરીફ ટીમને હરાવીને આ શાળાના વિદ્યાર્થીઓએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરી રાજ્યકક્ષાએ જશે. વોલીબોલની સ્પર્ધામાં એક વિદ્યાર્થીનું નેશનલકક્ષાએ સિલેકશન થયેલ અને તે વિદ્યાર્થી નેશનલકક્ષાએ રમવા જશે. તમિલનાડુ ખાતે યોજાયેલ ફુટબોલમાં નેશનલકક્ષાએ આ શાળાના વિદ્યાર્થીઓએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરી ઈન્ટરનેશનલ કક્ષાએ નેપાળ રમવા માટે જશે. ઉપરોક્ત વિદ્યાર્થીઓની સિધ્ધિ બદલ આ સંસ્થાના સંત શ્રી યજ્ઞપુરુષદાસજી તથા સંચાલક શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, પુરાણી સ્વામી અક્ષરવિહારી દાસજી, શાળાના આચાર્ય, તમામ શિક્ષકો તથા ટ્રસ્ટીમંડળે આ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## રાપર : હિંડોળા ઉત્સવ

રાપર ઓધડવાડી સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ સુંદર રીતે હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંતસ્વામીના સંકલ્પ એવા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, સંતો, સાં.યો. બહેનો તથા યુવતીઓના તથા વડીલોના સાથ સહકારથી રાપર મધ્યે સુંદર હિંડોળા તથા રમણીય પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. ભુજથી સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી હરિમુકુંદદાસજી વગેરે મંડળધારી સંતો તથા રાપર સ્વામિનારાયણ ગુરુકુલના સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, નૌતમ સ્વામી, મુકુંદ સ્વામી, રામનુજ સ્વામી વગેરે સંતો હાજર રહ્યા હતા.

હિંડોળા તથા પ્રદર્શનના મુખ્ય યજમાન ધરમશી રાઘુ આરેઠીયા, ડુંગરશી ગોપાલ નીસર, હ. અમરશીભાઈ, અ.નિ. નવલબેન હોથી કારોત્રા, બાબુ હોથી કારોત્રા, અ.નિ. ભરત બાબુલાલ દાવડા, વેલજી હરજી વેકરીયા, રૂપશીભાઈ રાઘવજી બારસણીયા, ધનજી જેરામ બાંભણીયા, રણછોડ કેશરા સાંઢા, હરખા નરસંગ પોલાર, વાલજી કરસન રાબરીયા વગેરે યજમાનો રહ્યા હતા. સભાસંચાલન શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ કર્યું હતું. પ્રેમપ્રકાશ સ્વામીએ યુવાનોને વાગડ પ્રમાણે આટલું બધું જોશભેર કરવા બદલ ખૂબ-ખૂબ અંતરના આશીર્વાદ આપ્યા હતા. તન-મનથી જે સેવા કરી છે તેમાં મહારાજ રાજી થશે અને આમને આમ કરતા રહે એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. ચાવડા તેજશ તથા દાવડા કેતનના નેતૃત્વ હેઠળ સુતાર દિપક, આરેઠીયા કરસન, કાનજી, હરેશ, દિપક પોલાર, રવજી, રાહિલ સુતાર, રાહુલ ગોસ્વામી, ઠક્કર ચેતન, પિયુષ વગેરે યુવાનો તથા રમીલાબેન, કાન્તાબેન નિશાબેન, શીતલબેન, ધર્મિષ્ઠાબેન, નિલમબેન, કાન્તાબેન આરેઠીયા વગેરે યુવતીઓએ ખૂબ જ તન-મનથી સેવા બજાવી હતી. પ્રસાદ માટે કાનજીભાઈ

આરેઠીયા, નાનજીભાઈ, રામજીભાઈ હીરાભાઈ, ઘનશ્યામભાઈ, ખીમજીભાઈ હરજીભાઈ પોલાર, બાલાભાઈ વગેરે ભક્તો રસોડા વિભાગમાં રહીને સેવા કરી રહ્યા હતાં તથા હિંડોળાના સમાપનના દિવસે તા. ૧૫-૮-૨૦૧૧ ના રોજ રાત્રે ૧૦:૦૦ વાગ્યે રાપર ગુરુકુલના સંતોના સાનિધ્યમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

- અહેવાલ : ચાવડા તેજશ મુળજીભાઈ

## ભક્તિનગર : સત્સંગસભા

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તેમજ વડીલ સંતો સ્વામી રામસ્વરૂપદાસજી, સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી કેશવપ્રસાદદાસજી, ગુરુકુલથી આવેલ સંતો વગેરે સંતોના આશીર્વાદથી માનકુવા - સઘુરાઈ તળાવ ઉપર સત્સંગસભા રાખવામાં આવેલ હતી તેમજ સંતોની અમૃતવાણી, હરિભક્તોનો રાસોત્સવ રાખવામાં આવ્યો હતો. સાં.યો. બહેનો, સત્સંગી બહેનો અને આ ગામમાં ચાલતા યુવક મંડળમાં જેને ગરબો, અમદાવાદનો ગરબો, શ્લોકો જેને શીખ્યો હોય તેને દબાસીયા પરિવાર તરફથી ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સ્વામી રામસ્વરૂપદાસજીએ લોયાનું ત્રીજું વચનામૃત તેમજ મુળજી, કૃષ્ણજીનો મહિમા સમજાવ્યો હતો અને વડીલ સંતોના આશીર્વાદથી આ ગામના પ્રસાદીના સ્થળોનો મહિમા સમજાવવામાં આવ્યો હતો. ગણેશ ચતુર્થીના દિવસે આયોજન કરવામાં આવેલ હતું અને દબાસીયા પરિવાર તરફથી પ્રસાદીનું વિતરણ કરવામાં આવેલ હતું.

- અહેવાલ : જોધાણી રમીલા દેવજી

## અંજાર : શ્રીકૃષ્ણ જન્મોત્સવ

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. મહંત પુ. સ્વામી હરિસ્વરૂપ દાસજીની પ્રસન્નતાર્થે મંડળના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સમસ્ત સંતમંડળના શુભ સંકલ્પથી શ્રીકૃષ્ણ જન્મોત્સવનું તા. ૨૨-૮-૨૦૧૧ માટે આયોજન થયું, તે માટે મહાઆરતી, મટકીફોડ, વિશેષ ધુન વગેરે વિવિધ કાર્યક્રમો દ્વારા જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. સર્વે હરિભક્તોને પંચાજીરી તથા પંચામૃતના પ્રસાદ દ્વારા ધન્ય કરેલ. શ્રીકૃષ્ણના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય થયું હતું.

યજમાન શ્રી ગામ અંજારના જયંતિલાલ કેશવજીભાઈ બાંભણીયા તથા સુપુત્ર રવિલાલ તથા દિપેન સહપરિવાર, સાં.યો. ત્રિવેણીબેન તથા મહિલા મંડળના સર્વે હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા આસપાસના ગામોના હરિભક્તો પોતાનો અનમોલ કિંમતી સમય આપીને તૈયારીમાં જોડાયા હતા. જન્મોત્સવને 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદથી રાત્રિને ગાજતી કરી હતી. હજારો હરિભક્તોએ લાભ લીધો હતો.

- અહેવાલ : મેહુલ પી. ઠક્કર

## માંડવી : હિંડોળા સમાપન

ગામ માંડવી મધ્યે વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના પરમ સાંનિધ્યમાં આજરોજ તા. ૧૫-૮-૨૦૧૧, સોમવારના હિંડોળા મહોત્સવનું સમાપન ધામધૂમથી કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય દેવ પાસેના ત્રણ હિંડોળા તથા બહેનોનાં મંદિરના મુખ્ય-૧ હિંડોળાની ઉછવણી દ્વારા યજમાનપદે આરતી ઉતારી ઠાકોરજીને હિંડોળેથી ઉતારવામાં આવ્યા હતા. યજમાનપદનો લાભ શ્રી સહજાનંદ સીટી પિયાવા હ. લાલજી મનજી ગાજપરીયા, માંડવી મનજી કાનજી આસાણી, માંડવી મનજી રામજી આસાણી હ. હરજી મનજી આસાણી, મેઘજી મનજી આસાણી માંડવીના સામબાઈ દેવજી પ્રેમજી સુરજાણી પરિવાર રહ્યા હતા.

માંડવી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ

- અહે. : કોઠારી પૂ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી

## યુવક મંડળ

તાજેતરમાં વરસાદની કચ્છમાં હેલી થયા પછી અબડાસા વિસ્તારના ગામોમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના દોલતપર, દયાપર, અમારા-ઘડાણી, રવાપર-નેત્રા ગામોમાં સંતોના સાંનિધ્યમાં વનમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાનની પ્રકૃતિનું સૌંદર્ય નિહાળવાની સાથે યુવાનોમાં શ્રી નરનારાયણદેવને વિષે નિષ્ઠા વધતી રહે, જીવનમાં સંસ્કારનું મહત્ત્વ સમજાય એવાં પ્રવચનો સાથે પુ. સ્વામી પરમહંસદાસજી, પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી માધવચરણદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી આદિ સંતો દ્વારા આશીર્વચનો અપાયાં હતાં અને યુવાનો પોતાના ઘરેથી પવિત્રપણે બનાવેલ ભોજનો મહારાજને થાળમાં ધરી પોતે મહાપ્રસાદ લઈ બપોર પછી છૂટા પડ્યા હતા.

તા. ૧૮-૯-૧૧, રવિવારના રોજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા બાલમંડળ તથા અન્ય ભક્તો એક દિવસના સત્સંગ પ્રવાસમાં જળેશ્વર મહાદેવ, સુખપર-રોહાની બાજુમાં પધાર્યા હતા ત્યાં ભોલેનાથના સાંનિધ્યમાં સત્સંગ, કથા-વાર્તા તેમજ પ્રકૃતિદર્શનનો આનંદ મેળવ્યો હતો. આશરે ૪૫૦ થી વધુ ભક્તો સહભાગી થયા હતા અને દરેકને ખૂબ આનંદ આવ્યો હતો.

સંતો જેમ કહે તેમ કરવામાં કેવો આનંદ છે અને શ્રી નરનારાયણદેવના ચરણોમાં શરણાગત થઈ જવામાં કેટલી મજા છે એ જ જીવનની સફળતા છે. મહારાજ નહીં ઓળખાય, તો મહારાજે આપેલા શ્રી નરનારાયણદેવ કેમ ઓળખાશે ? સંતોના સમાગમથી તો આ રસ્તાઓ તરફ આગળ વધાય છે. સ.ગુ. સ્વામી શ્રી મુકુંદજીવનદાસજી તથા સ્વામી પુ. પરમહંસદાસજી તથા સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી આદિ સંતોએ સત્સંગમાં બળ મળે એવી વાતો કરી હતી.

- અહેવાલ : તંત્રીશ્રી

## વિશ્રાંતિ ભુવન-મુંબઈ : વિવિધ ઉત્સવો

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-મુંબઈ ખાતે તા. ૨૨-૮-૧૧ ના રોજ રાત્રે ૧૨:૦૦ વાગ્યે ધામધૂમથી કૃષ્ણજન્મ મહોત્સવ ભજન-કીર્તન, કથા-વાર્તા સાથે ઉજવવામાં આવ્યો હતો. પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી ભક્તિવિહારી દાસજીએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. યુવકોએ આનંદથી મટકી ફોડતાંની સાથે ભક્તો દ્વારા જયઘોષ કરાંતા મંદિર ગુંજી ઊઠ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમના યજમાન શ્રીમતિ સાવિત્રીબેન ઘનશ્યામભાઈ નીશર સહપરિવાર રહ્યા હતા અને પંચાજીરી, દહીં તથા પંચામૃતની પ્રસાદી આપવામાં આવી હતી.

તા. ૧-૯-૧૧ ના શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી અને રોજ સાંજે ગણપતિદાદાની આરતી, થાળ અને ધુનમાં હરિભક્તો જોડાયા હતા અને તા. ૧૧-૯-૧૧ ના રોજ ગણપતિ વિસર્જન નિમિત્તે મહાપૂજા રાખેલ હતી. સર્વે ભાઈઓ અને બહેનો પૂજામાં સહભાગી થયા હતા.

તા. ૫-૮-૧૧ના જગન્નાથપુરીએ યાત્રાઅર્થે ગયેલ માતુશ્રી કોરઈબેન પુંજાભાઈ નીશર પરિવાર તથા શીવજીભાઈ ધનજી ખુથીયા પરિવારના યાત્રાના ઉદ્યાપન નિમિત્તે આ પ્રસંગના તથા મહાપ્રસાદના યજમાન રહ્યા હતા અને દરેક હરિભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. સંતોના વરદ્ હસ્તે યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું અને બપોરે ૨:૦૦ વાગ્યે મહાઆરતી કરી ગણેશજીનું ગાજતે-ગાજતે વિસર્જન કરવામાં આવ્યું હતું.

### :: યુવક મંડળ સભા ::

દર શનિવારે સંતોના સાંનિધ્યમાં રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યા સુધી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સભા ચાલે છે તેમાં ૧૦૦ જેલા યુવકો હાજર રહે છે અને દરેક ઉત્સવોમાં તન-મન-ધનથી સેવા આપે છે. આ સમગ્ર કાર્યક્રમોની આભારવિધિ લાલજીભાઈ ખીરાભાઈ શાહએ કરી હતી. - અ. : પરેશ તુલસીદાસ સાંખલા

# શ્રીહરિ તપોવન ગુરુકુલ - રામપર ગંગાજી : વિજ્ઞાન મેળા

દિનાકં ૨-૯-૧૧, શુક્રવાર, ભાદરવા સુદ ૫ (ઋષિપંચમી) ના શુભદિને શ્રીહરિ તપોવન ગુરુકુલ - ગંગાજી-રામપર વેકરા દ્વારા સંચાલિત શ્રીહરિ વિદ્યામંદિર (પ્રા./મા./ઉ.મા.) ના પ્રાંગણમાં જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ-કચ્છ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી-ભુજ (કચ્છ) અને શ્રી શ્યામજી કૃષ્ણવર્મા શાળા વિકાસ સંકુલ, માંડવી-મુન્દ્રા વિભાગ દ્વારા આયોજિત ''વિજ્ઞાન-ગણિત પ્રદર્શન-૨૦૧૧'' (વિજ્ઞાનમેળો) સફળ રીતે સંપન્ન થયો.

શ્રીહરિ વિદ્યામંદિરના પ્રાંગણમાં માંડવી અને મુન્દ્રા વિભાગની શાળાઓની આવેલ કૃતિઓ ગોઠવ્યા બાદ ૯:૦૦ કલાકે સંસ્થાના પ્રમુખ સ.ગુ.પુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, જિ. શિ. કચેરીથી પધારેલ વિજ્ઞાન પ્રદર્શન અને મ.શિ.નિ. ના કો. ઓર્ડિનેટર શ્રી એમ. બી. વ્યાસ સાહેબ, શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા એસ.વી.એસ. ના અધ્યક્ષ શ્રીમાન હિંમતભાઈ રાવલસાહેબ, પ્રદર્શનના કો. કન્વીનર શ્રીમાન એન. ડી. ચાવડા સાહેબ, સામાજિક કાર્યકર શ્રી દિલીપભાઈ દેશમુખ તેમજ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ભીખાલાલભાઈ લાલજી રાબડીયા તથા ટ્રસ્ટીઓ, શિક્ષણ સમિતિના સદસ્યશ્રીઓ અને આમંત્રિતોની દિવ્ય ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન સત્ર યોજાયો હતો.

પ્રથમ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ ઠાકોરજી આગળ સંતો તથા મંચસ્થ મહાનુભવોના કરકમળો દ્વારા દીપપ્રાગટ્ય થયા બાદ શ્રીમાન એમ. બી. વ્યાસ સાહેબના હસ્તે વૈજ્ઞાનિક પ્રયોગ દ્વારા દીપપ્રાગટ્ય વિધિ સંપન્ન કરવામાં આવી. શ્રી દિલીપભાઈ દેશમુખે ઉપકરણોની સાથે-સાથે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. પુ. સ્વામી શાંતિપ્રિયદાસજીએ પ્રદર્શનની ઉદેશ્યપૂર્તિ માટે અને સહભાગીતા બદલ આશીર્વાદ પાઠવ્યા હતા.

આ વિવિધ વિષયો દ્વારા ૬ વિભાગોમાં વહેંચવામાં આવ્યો હતો. જેમાં માંડવી તાલુકાની ૨૮ શાળાઓમાંથી ૪૮ કૃતિ અને મુન્દ્રા તાલુકાની ૧૪ શાળાઓમાથી ૨૦ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ક્રમશઃ દરેક વિભાગને વેદમંત્રોના મંગલનાદ સાથે સંતો, અધિકારીશ્રી તેમજ ટ્રસ્ટીશ્રીઓના વરદ્ હસ્તે ખુલી મુકવામાં આવી હતી. સવારના ૯:૩૦ થી બપોરે ૧:૩૦ વાગ્યા સુધીનો સમય નિદર્શન માટે ફાળવવામાં આવેલ હતો.

આ બાળવૈજ્ઞાનિકોને માણવા સંતો પણ દરેક વિભાગની મુલાકાતે પધાર્યા હતા. મુલાકાત લેનાર દરેકે દરેકના ચહેરા પર હકારાત્મક ભાવ જોતાં એવું લાગ્યું કે પ્રદર્શનના મુખ્ય વિષય ''વિજ્ઞાન, સમાજ અને પર્યાવરણ''નો હેતુ સિધ્ધ થયો છે.

ઠાકોરજીના મહાપ્રસાદ બાદ સાંજના ૪:૦૦ કલાકે સમાપનવિધિ માટે સૌ એકત્ર થયા. જેમાં સૌ પ્રથમ પ્રાર્થના બાદ શ્રી બી.બી.એમ. હાઈસ્કૂલ બિદડાના આચાર્ય શ્રી રાજેશભાઈ સોરઠીયા તથા શ્રી તુલસી વિદ્યામંદિર નાના ભાડીયાના આચાર્ય શ્રી જયંતિલાલ મહેતાએ આયોજક શાળાના સંચાલક-શ્રીઓ, શિક્ષકશ્રીઓ અને વિદ્યાર્થીઓની પ્રદર્શન માટેની સુવ્યવસ્થા કરવા બદલ હકારાત્મક પ્રતિભાવ આપ્યા હતા. બન્ને તાલુકાની કૃતિને પારદર્શક દષ્ટિથી નિહાળી તટસ્થ ન્યાયકર્તા નિર્ણાયકશ્રીઓનું પ્રતિક ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે ભાગ લેનાર દરેક શાળાને પ્રતિકભેટ સાથે પ્રશસ્તિપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

સંચાલક સંતો પ્રદર્શનને સફળ બનાવવા તનતોડ જહેમત ઉઠાવનારને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ નિયામક શ્રી નયનભાઈ હ. ચાવડા દ્વારા થયેલ.

- અહેવાલ : નયન હ. ચાવડા (નિયામકશ્રી)

# માંડવી : વિવિધ ઉત્સવો

**ખાતમુહૂર્ત :-** માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહંત સ.ગુ. સ્વામી પુ. ધર્મનંદનદાસજીની આજ્ઞાથી તથા માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદથી તા. ૧૨-૯-૧૧, સોમવાર, ભાદરવા સુદ પૂનમના રોજ શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મંદિરના ગોર કિરણ મહારાજે મંત્રોચ્ચાર સાથે વિધિ સંપન્ન કરાવી હતી. સર્વે ટ્રસ્ટીઓ તથા સંતો-ભક્તો પૂજનમાં જોડાયા હતા.

**મીઠી વીરડી મધ્યે રાસોત્સવ :-** માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પુ. સ્વામી કેશવપ્રસાદ દાસજીના આશીર્વાદથી તા. ૧૨-૯-૨૦૧૧, સોમવાર, ભાદરવા સુદ પુનમના રોજ સમુદ્ર કિનારે પ્રસાદીની મીઠી વીરડીએ ઉજમણી (રાસોત્સવ) કરવામાં આવી હતી. આ પ્રસંગે સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ.પુ. સ્વામી નિષ્કામચરણદાસજી આદિ સંતો-ભક્તો માંડવી સ્વામિનારાયણ મંદિરમાંથી ઠાકોરજી વાજતે-ગાજતે પ્રસાદીની મીઠી વીરડી આવ્યા. મંડળીના ભક્તોએ સમૈયો કર્યો. બાદ રાસ રમવામાં આવ્યો હતો. ત્યારબાદ સંતોએ યજમાન પરિવાર ગામ સરલીના પ.ભ. જાદવજીભાઈ મુરજી રાબડીયા, ધ.પ. જશુબેન, સુપુત્ર પ્રવીણ, અરવિંદ, પુત્રી કાન્તાબેન, અમરબેન સહપરિવારને ખૂબ રૂડા આશીર્વાદ આપ્યા હતા. ભુજથી સંતો પધાર્યા હતા. સંતોએ મીઠી વીરડીનો ખૂબ મહિમા સમજાવી ભક્તોને ખૂબ રાજી કર્યા હતા. સંતોએ યજમાનશ્રીઓને પહેરામણી આપી અને સન્માનિત કર્યા. આ પ્રસંગે સભા સંચાલન શા. સ્વામી સુર્યપ્રકાશદાસજીએ કર્યું હતું.


**જન્માષ્ટમી મહોત્સવ :-** માંડવી શહેર મધ્યે શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં ભવ્યાતિભવ્ય શ્રીકૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો હતો. જેમાં સંતો તથા પાંચે કાંધાના હરિભક્તો અને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો મંદિરના પટાંગણમાં ઓરકેસ્ટ્રા સાથે રાસનો આનંદ માણ્યો અને ત્યારપછી ૧૨:૦૦ વાગ્યાના સમયે ઠાકોરજીની મહાઆરતી કરી ત્યારબાદ 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી'ના નાદે યુવક મંડળના યુવાનો દ્વારા મટકીફોડ કરી અને ખૂબ આનંદપૂર્વક પંચાજીરીનો પ્રસાદ લઈ સૌ રાજી થયા.

ઉત્સવના યજમાનપદે ગામ દહીંસરા હાલે લંડનના શાન્તાબેન ચંદુભાઈ ખીમાણી, સુપુત્ર જય તથા દીલન તથા ગોડપર હાલે લંડનના જશુબેન એસ. તથા સુપુત્ર યશ, ફીયન પરિવાર રહ્યા હતા.


**વામન જયંતિ-જલઝીલણી ઉત્સવ :-** માંડવી મધ્યે શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં જલઝીલણી તથા વામન જયંતિ ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

પરિવર્તની એકાદશીના માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની આજ્ઞા-આશીર્વાદથી માંડવીમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણાંકિત પ્રસાદીના સ્થળોએ દર્શન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતો તથા ૨૦૦ જેટલા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો પોતાની બાઈક (મોટર સાઈકલ)થી આ યાત્રામાં જોડાયા હતા.

વામન જયંતિના બપોરે ૧૨:૦૦ વાગ્યે પુજારી શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ ભગવાન વામન સ્વરૂપે શ્રી ઘનશ્યામ મહારાજની મહાઆરતી ઉતારી હતી. આરતી બાદ કશ્યપ ઘેર આનંદ ભયો જય બોલો વામન કી સાથે નંદ સંતો રચિત કીર્તનો દ્વારા ભવ્ય રાસોત્સવ ઉજવાયો. આ વામન જયંતિ મહોત્સવના યજમાનપદે માંડવી પિયાવાના મેઘજીભાઈ લક્ષ્મણ હીરાણી સુપુત્રો નાનજી, મનજી, હીરજી, રવજી આ પરિવારે લાભ લીધો હતો. યુવક મંડળના યવાનોએ બપોરે ૨:૦૦ વાગ્યે સમુદ્રસ્નાન કર્યું. જેમાં પ્રથમ હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો.



# વિદેશ સમાચાર



## શ્રી ક. સ. સ્વામિ. મંદિર વુલ્વીચ (યુ.કે.) : ૨૩મો વાર્ષિક પાટોત્સવ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-વુલ્વીચ મધ્યે વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા. ૮-૮-૨૦૧૧ થી તા. ૧૪-૮-૨૦૧૧ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું. કથા પારાયણના વક્તા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના વિદ્વાન સંતો શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શા. સ્વામી નારાયણપ્રિયદાસજીએ તેમની મધુર વાણીથી કથા સંભળાવી ભક્તજનોને રાજી કર્યા.

પાટોત્સવ પ્રસંગના મુખ્ય યજમાનશ્રી ગામ વેકરાના અ.નિ. વાલબાઈ નારાણ ભંડેરી તથા અ.નિ. નારાણ રામજી ભંડેરી સહપરિવાર રહ્યા હતા.

તા. ૯-૮-૧૧ સાંજના કથા પ્રસંગ બાદ શ્રી સ્વામિનારાયણ યુવક સભાનું આયોજન કરવામાં આવેલ તેમાં શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ યુવકોને સત્સંગનું માર્ગદર્શન આપ્યું અને સત્સંગથી શું ફાયદાઓ થાય છે તેના વિષે વિસ્તારથી સમજાવ્યું.

તા. ૧૧-૮-૧૧ ના શ્રી સ્વામિનારાયણ સત્સંગી યુવતીઓ તરફથી સત્સંગસભાનું આયોજન કરવામાં આવેલ જેમાં સારા પ્રમાણમાં સત્સંગી બહેનોએ હાજરી આપેલ હતી અને સત્સંગમાં મંદિર હોવાથી શું ફાયદાઓ થાય તેની ચર્ચાઓ કરવામાં આવેલ.

તા. ૧૨-૮-૧૧, શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના સત્સંગીઓ તરફથી ભજન-કીર્તનનો ભક્તિરસભર્યો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં નાના બાળકોએ પણ તેમના સુરીલા અવાજથી નંદસંતોના કીર્તનો સંભળાવ્યા. તેમાં સંતોએ પણ ભાગ લીધો હતો. તેમાં સંતો તેમજ ભક્તજનો ખૂબ જ રાજી થયા.

તા. ૧૩-૮-૧૧ પાટોત્સવ પ્રસંગનો મુખ્ય દિવસ, શ્રાવણ સુદ ૧૫, રક્ષાબંધનનો પવિત્ર દિવસ. આ શુભ પ્રસંગે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. સવારના ૯:૦૦ કલાકે મહારાજશ્રીનું આગમન થયું. વાજતે-ગાજતે તેમનું સામૈયું કરવામાં આવ્યું. પૂ. મહારાજશ્રીનું સભામંડપમાં આગમન થયું ત્યારે ''શ્રી નરનારાયણ ભગવાનની જય'' સાથે પૂ. મહારાજશ્રીનું સ્વાગત કરવામાં આવેલ. ભુજ મંદિરના સ્વામી ભક્તિપ્રિયદાસજીએ સભાજનોને આશીર્વાદ આપેલ. ત્યારપછી પૂ. આચાર્ય મહારાજશ્રીએ સભાજનોને તેમના પ્રેમભર્યા આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ ઠાકોરજી આગળ અન્નકૂટ ધરાવવામાં આવેલ. તેમના દર્શન તથા આરતી તેમજ શ્રી હરિકૃષ્ણ મહારાજના અભિષેકના યજમાનશ્રી ગામ આ. સુખપરના પ.ભ. માવજીભાઈ શીવજી પિંડોરીયા સહપરિવાર ઊંચો આંક આપી આજના પ્રસંગના યજમાનશ્રી બન્યા હતા. પૂ. આચાર્ય મહારાજશ્રીએ તેમજ ભુજ મંદિરના સંતો તેમજ પાટોત્સવ પ્રસંગના મુખ્ય યજમાનશ્રી તેમનજ આજના પ્રસંગના યજમાનશ્રીના હસ્તે શ્રી હરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી અભિષેક કરવામાં આવેલ. ત્યારબાદ અન્નકૂટ દર્શન આરતી પૂ. આચાર્ય મહારાજશ્રી, સંતો તેમજ યજમાન પરિવારના હસ્તે ઉતારવામાં આવેલ. ત્યારબાદ હરિનામ સાથે પહેલા સત્રનું સમાપન કરવામાં આવેલ. ત્યારબાદ મહાપ્રસાદરૂપ ભોજનનો લાભ તમામ ભક્તોએ લીધો.

<u>સત્ર-૨ :-</u> સાંજના કથાની સમાપ્તિ બાદ શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ. તેમાં બહુ જ મોટા પ્રમાણમાં ધર્મપ્રેમી હરિભક્ત ભાઈ-બહેનોએ હાજરી આપી હતી અને સંતોએ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી

હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાના બાળકોએ પણ ભાગ લીધો હતો. સંતો તેમજ ભક્તજનો કાર્યક્રમ જોઈ ખૂબ જ રાજી થયા.

તા. ૧૪-૮-૧૧ના કથા સપ્તાહ પારાયણની સમાપ્તિ બાદ ભુજ મંદિરના સ.ગુ.પુ. સ્વામી શ્રીહરિદાસજીએ સભાજનોને રૂડા આશીર્વાદ આપ્યા અને ભલામણ કરેલ કે ભુજ મંદિરના શ્રી નરનારાયણ ભગવાનના થઈને રહેજો અને સંપ અને સંગઠ્ઠનથી સત્સંગના કાર્યો કરતા રહેવું તેમાં કાર્યનો વિકાસ છે અને શાંતિથી કાર્ય થતું રહેશે તેવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના છે.

**નૂતન ધજારોપણ :–** આપણા મંદિરના શિખરો પર નૂતન ધજારોપણના યજમાનશ્રી ગામ વેકરાના અ.નિ. વાલબાઈ નારાણ ભંડેરી તથા અ.નિ. નારાણ રામજી ભંડેરી હ. તેમના સુપુત્રો આદિ સહપરિવાર ઊંચો આંક આપી નૂતન ધજારોપણના યજમાન બની આરતીનો લાભ લીધો હતો. તેમજ મંદિરના મુખ્ય શિખર પરની ધજાને વાજતે-ગાજતે લઈ જવામાં આવેલ. અને યજમાનશ્રીઓ તેમજ ભુજ મંદિરના સંતોના હસ્તે મંદિરના મુખ્ય શિખર પર ધજારોપણ કરવામાં આવેલ. ત્યારબાદ હરિનામ સાથે કથાની સમાપ્તિ કરવામાં આવેલ. ત્યારબાદ તમામ ભક્તજનોએ મહાપ્રસાદરૂપ ભોજનનો લાભ લીધો અને આનંદમય વાતાવરણમાં આ મંગલકાર્યનું સમાપન કરવામાં આવેલ.

**:: જન્માષ્ટમી ઉત્સવ ::**

તા. ૨૨-૮-૧૧, શ્રાવણ વદ ૮ ના રોજ જન્માષ્ટમી ઉત્સવ આપણા મંદિરમાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો. તેમાં નાના યુવકો ગોવાળિયાના વેશમાં ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય થયું. જેનો ખૂબ જ આનંદ-ઉલ્લાસ સાથે સૌએ આનંદ માણ્યો. આ ઉત્સવમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ભક્તજન ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. અને ''નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી'' ના નાદ સાથે ભગવાનશ્રી કૃષ્ણનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો અને આનંદમય વાતાવરણમાં આ પવિત્ર પ્રસંગ ઉત્સવનું સમાપન કરવામાં આવેલ.

- શ્રી ક. સ. સ્વા. મંદિર (વુલ્વીચ)

## નૈરોબી : શ્રીમદ્ ભાગવત સપ્તાહ

કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર-નૈરોબીમાં પવિત્ર શ્રાવણ માસમાં ગામ રામપરના પ.ભ. લાલજીભાઈ કરસન વેકરીયા, ધ.પ. પુરબાઈ હ. સુપુત્ર ગોપાલભાઈ પરિવાર, સુપુત્ર રવજીભાઈ પરિવાર, સુપુત્ર લક્ષ્મણભાઈ પરિવારના યજમાનપદે તથા પારાયણના બીજા યજમાન ભુજ મંદિરના અ.નિ. સ.ગુ.પુ. સ્વામી શ્રીરંગદાસજીની પુણ્યસ્મૃતિમાં ગામ રામપરના પ.ભ. અ.નિ. કરસનભાઈ શામજી રાજાણી, ધ.પ.અ.નિ. રતનબાઈ હસ્તે સુપુત્ર પ.ભ. શ્રી પ્રેમજીભાઈ કરસન રાજાણી કુટુંબ પરિવાર આમ બન્ને પરિવારના સહિયારા યજમાનપદે પોતાના કુટુંબીજનોના સ્મરણાર્થે તથા કલ્યાણાર્થે તથા વડીલ સંતો તથા ભક્તોની પ્રસન્નતાર્થે તા. ૭-૮-૨૦૧૧, રવિવાર થી તા. ૧૩-૮-૨૦૧૧ શનિવાર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું સુંદર આયોજન થયેલ હતું.

ભુજ મંદિરથી પધારેલા મંડળેશ્વર સ.ગુ.પુ. સ્વામી ભગવદ્જીવનદાસજીના મંડળના વિદ્વાન સંતો સવાર અને સાંજ વ્યાસાસને બિરાજી કથામૃતનું પાન સુમધુર શૈલીમાં કરાવ્યું હતું.

તા. ૧૦-૮-૨૦૧૧, બુધવારના રોજ સાંજની કથામાં શ્રી કૃષ્ણજન્મોત્સવની ઉમંગભેર ઉજવણી થઈ તથા તે જ દિવસે યજમાન શ્રી પ્રેમજીભાઈ રાજાણી પરિવાર તરફથી ભુજ શ્રી હરિકૃષ્ણ મહારાજને તેમજ શ્રી નૈરોબીના શ્રી હરિકૃષ્ણ મહારાજને સોનાની ચેન ભેટ આપી કૃષ્ણ જન્મોત્સવના આનંદમાં વધારો કર્યો.

તા. ૧૨-૮-૨૦૧૧, શુક્રવારના રોજ સાંજની કથા પ્રસંગ બાદ યજમાન પરિવારો તરફથી ભુજ મંદિરને, સંતોને તથા નૈરોબી મંદિરને પારાયણ પ્રસંગે ભેટ અર્પણ કરી. ત્યારબાદ ભુજ મંદિરના સંતોએ બન્ને યજમાન પરિવારના સભ્યોને રાજી થઈ પ્રસાદીની કંઠી પહેરાવી બહુમાન કર્યું અને કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર તરફથી અધ્યક્ષ શ્રી કાનજીભાઈના વરદ્ હસ્તે બન્ને પરિવારોના સભ્યોને શાલ ઓઢાડી બહુમાન કર્યું.

તા. ૧૩-૮-૨૦૧૧, શનિવારે કથાની પૂર્ણાહુતિ થયા બાદ સંતોએ યજમાન પરિવારને આશીર્વાદ આપ્યા. સાંજે યજમાન પરિવાર તરફથી સર્વ સત્સંગીજનોને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

આ કથા પારાયણના આયોજનથી સર્વ સત્સંગી હરિભક્તો બહુ રાજી થયા હતા અને સંતોએ રાજી થઈ યજમાન પરિવારને રૂડા અંતરના આશિષ આપ્યા હતા.

## પૂર્વ આફ્રિકા : માનવસેવા

અત્યારે કેન્યા દેશના અમુક વિસ્તારો પર કુદરતી આફત આવી પડતાં પ્રજા મુશ્કેલીથી ઘેરાઈ ગઈ હતી. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના શ્લોક નં. ૧૧૯ માં આપેલ આજ્ઞા મુજબ શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર તરફથી અસરગ્રસ્તોને અનેક પ્રકારની સહાય જેવી કે ફૂડ પેકેટસ, ખાદ્ય સામગ્રી, જીવન જરૂરીયાતની વસ્તુઓની સહાય કરવામાં આવી આ બધી સામગ્રીનું વિતરણ મંદિર તરફથી યુવક મંડળના સભ્યો તથા હરિભક્તોના હસ્તે જ કરાયું અને માનવસેવાના કાર્ય કરી શ્રીહરિનો રાજીપો મેળવ્યો.

સંતોના આશીર્વાદથી સ્થાનિક આમ જનતા માટે અંદાજે ૬ થી ૭ કરોડ રૂપિયાના ખર્ચે શાળાનું નિર્માણ થઈ રહ્યું છે. આ વિદ્યા મંદિર ડીસેમ્બર માસ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

અહેવાલ - મંત્રી

## શ્રી ક. સ. સ્વામિ. મંદિર-કેન્ટન હેરો : વિવિધ ઉત્સવો

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન-હેરોમાં હિંડોળા ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. ભક્તજનોએ ભાવથી પુષ્પના, ફળ, સૂકોમેવો, રમકડાં, જરીનાં, સતારા, રાખડી વગેરેથી હિંડોળા શણગારી અને એક માસ સુધી શ્રીહરિને પ્રેમથી હિંડોળે ઝૂલાવ્યા હતા.

દર અઠવાડિયે હરિભક્તો મોટી સંખ્યામાં હિંડોળા ઉત્સવના યજમાપદે રહી ઠાકોરજીને રાજી કર્યા હતા. હિંડોળા ઉત્સવ દરમ્યાન લગભગ એક સો હરીભક્તો યજમાનપદે રહ્યા હતા.

:: શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ ::

તા. ૨૨-૮-૨૦૧૧, સોમવારના રોજ આપણા મંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ અતિ ધામધૂમથી ઉજવવામાં આવેલ. સાંજે ૭:૦૦ વાગ્યે રાસ ઉત્સવ રમવામાં આવેલ. મંદિરમાં ભક્તોની ભીડ જામેલ. બહેનોને નિજ મંદિરમાં અને નિલકંઠહોલમાં બેસવાની સગવડ કરવામાં આવેલ. ભાઈઓ બહાર ચોગાનમાં ઊભા રહેલ. સાંજે ૮:૦૦ વાગ્યે ઠાકોરજીને થાળ જમાડવામાં આવેલ. ત્યારબાદ શ્રીકૃષ્ણ પરમાત્માના પ્રાગટ્યની આરતી ઉતારવામાં આવેલ. આજના શુભ દિનના યજમાન ગામ દહીંસરાના પ.ભ. દેવજીભાઈ કરસન માયાણી તથા અ.નિ. રામજીભાઈ કુંવરજી ભુડિયા સહપરિવારે આરતી ઉતારેલ. આરતી બાદ દરેક હરિભક્તો રાસ રમ્યા હતા. લગભગ ત્રણ હજાર હરિભક્તો સાંજે દર્શનાર્થે પધારેલ.

:: છઠ્ઠી ઉત્સવ ::

તા. ૨૭-૮-૨૦૧૧, શનિવારના છઠ્ઠી ઉત્સવ સાંજે રાસ ઉત્સવ રાખવામાં આવેલ. ગામ શ્રી બળદિયાના પ.ભ. લાલજીભાઈ વેલજી વેકરીયા સહપરિવાર આજના શુભ દિને યજમાનપદે રહેલ. સાંજે ૮:૦૦ વાગ્યે આરતી ઉતાર્યા બાદ શ્રીહરિને પારણેથી ઉતારવામાં આવેલ.

:: ગણેશ ચોથ ::

ગામ શ્રી રામપરના પ.ભ. મનજીભાઈ કરસન કેરાઈ તથા કુંવરબાઈ મનજી કેરાઈ આજના યજમાનપદે રહેલ. શ્રી ગણેશજીનું આજના શુભ દિને પૂજન કરવામાં આવેલ. પ્રેમથી તેમને વ્હાલા એવા લાડુ જમાડવામાં આવેલ અને સાંજના રાસ ઉત્સવ રમવામાં આવેલ. ત્યારબાદ યજમાનશ્રીએ શ્રી ગણેશજીની આરતી ઉતારેલ. જેમાં ભુજ મંદિરથી પધારેલ પવિત્ર સંતો પ.પૂ. સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી તથા પૂ. સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજી તથા પૂ. સ્વામી સુખનંદનદાસજી હાજ રહેલ.

- અહેવાલ : કાનજી મનજી કેરાઈ (મંત્રી)

## ઈસ્ટલંડન : ઠાકરથાળી તથા સપ્તાહ પારાયણ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટલંડન (યુ.કે.) મધ્યે તા. ૨૯-૮-૨૦૧૧, રવિવારે પ.ભ. અનાયા સંજયભાઈ પિંડોરીયા પરિવાર ગામ બળદિયા તથા પ.ભ. ધર્મેન્દ્રભાઈ બાલુભાઈ હીરાણી પરિવાર-માનકુવાવાળા

તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવ્યો.

તા. ૧૦-૯-૨૦૧૧, શનિવારે પ.ભ. સુનિલકુમાર રવજીભાઈ હાલાઈ પરિવાર ગામ દહીંસરાવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવ્યો.

:: સપ્તાહ પારાયણ ::

પ્રાતઃસ્મરણીય મહંત પુ. સ્વામી ધર્મનંદન દાસજીના આશીર્વાદથી તા. ૨૨-૮-૧૧ થી તા. ૨૮-૮-૧૧ સુધી શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટલંડન મધ્યે કથા પારાયણનું આયોજન કરવામાં આવેલ. ભુજથી પધારેલ શા. સ્વામી નારાયણપ્રિયદાસજી તથા શા. સ્વામી કૃષ્ણપ્રિયદાસજીએ પોતાની લાક્ષણિક શૈલીમાં કથામૃતનું રસપાન કરાવેલ. પાટોત્સવ નિમિત્તે યોજાયેલ કથાપારાયણનું મુખ્ય યજમાનપદ જીરાગઢના પ.ભ. શ્રી ડાહ્યાભાઈ વરૂએ શોભાવ્યું હતું.

તા. ૨૩-૮-૧૧ ના પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કૌશલેન્દ્ર મહારાજશ્રીના સાંનિધ્યમાં ઠાકોરજીના અભિષેક સમયે દર્શનનો લાભ લઈ હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. આચાર્ય મહારાજશ્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૨-૮-૧૧, જન્માષ્ટમીના દિવસે ઊંચો આંક આપી કેરાના પ.ભ. શ્રી શિવજીભાઈ ભચુએ આરતી ઉતારવાનો લ્હાવો લીધો હતો. કથા પારાયણ દરમ્યાન યુવક મંડળ દ્વારા ભજન-કીર્તન-સંગીતનો કાર્યક્રમ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. ઉપરાંત શ્રી સહજાનંદ ગુજરાતી શાળાનાં પરિણામો જાહેર કરવામાં આવેલ. તા. ૨૮-૮-૧૧ ના ઊંચો આંક આપી ઉ. સુખપરના પ.ભ. ધર્મેન્દ્રભાઈ હરજીભાઈ ભંડેરી પરિવારે ઘનશ્યામ મહારાજની આરતી ઉતારવાનો લાભ લીધો હતો. તેમજ ઊંચો આંક આપી સર્વ દેવોની આરતી ઉતારવાનો લાભ ગામ બળદિયાના પ.ભ. ધનબાઈ કાનજી વેકરીયાએ લીધો હતો તેમ સર્વ ધજાના ચડાવામાં ઊંચો આંક ફોટડીના પ.ભ. કાન્તિભાઈ કેશરા ભુડિયા તથા પ.ભ. વાઘજીભાઈ હરજીભાઈ હીરાણીએ આપી આ લાભ લીધો હતો. મોમ્બાસાવાળા પ.ભ. કેશવજીભાઈ ભુડિયા તરફથી યજ્ઞસેવામાં ઊંચા આંકની ભેટ અર્પણ કરેલ. કથા પારાયણ દરમ્યાન સ્વામી હરિદાસજી તથા સ્વામી ભક્તિપ્રિય દાસજીએ આશીર્વચન પાઠવેલ.

## કાર્ડિફ (યુ.કે.) : શિબિર-૨૦૧૧

જ્યાં આજના સમયે બધા યુવાનો ધર્મને ભૂલીને વેર-વિખેર થઈ રહ્યા છે ત્યાં કાર્ડિફ શ્રી સ્વામિનારાયણ મંદિરના યુવાનોએ બધા યુવાનો અને યુવતીઓને એકત્ર કરીને ધર્મની ઝાંખી કરાવવાના હેતુથી ત્રણ દિવસની શિબિરનું આયોજન કર્યું હતું. જેમાં ૨૦૦ થી વધારે જેટલા યુવાનો અને યુવતીઓએ ભાગ લીધો હતો.

શિબિરનો મુખ્ય હેતુ બધા સત્સંગીઓએ ભેગા થઈને ધર્મની ચર્ચા કરવી. નવા નવા સત્સંગીમિત્રો સાથે ઓળખાણ કરવી અને બધા જ મંદિરોના યુવાનોએ એકત્ર થવું એવો હતો. શિબિરનું સ્થળ બ્રિસ્ટલ (યુ.કે.) રાખવામાં આવ્યું હતું. જેથી બધા જ મંદિરોના સત્સંગીઓને સરળતાથી વાહન વ્યવહાર પ્રાપ્ત રહે.

શિબિરમાં બોલ્ટન, કેન્ટન, ઈસ્ટલંડન અને કાર્ડિફ મંદિરના તેજસ્વી યુવાનોએ સારી રીતે મહેનત કરીને અને શાસ્ત્રોને ધ્યાનમાં રાખીને બધા જ આશ્રમ, ધર્મો જેમ કે બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસ આશ્રમ વિશે ચર્ચા કરી હતી જેથી આજના યુવાનોને સમજણ પડે કે કઈ રીતે આશ્રમધર્મને ધ્યાનમાં રાખીને વર્તી શકાય.

આ શિબિરમાં ભુજ મંદિરના સંતો સ્વામી શ્રી શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી અને પુરાણી સ્વામી શ્રી સુખનંદનદાસજીએ પોતાની કિંમતી સમય આપીને હાજરી આપી હતી અને યુવાનોને કાળજીપૂર્વક આશ્રમધર્મનું અનુકરણ કરવાની સલાહ આપી હતી. શિબિરમાં હિન્દુ કાઉન્સીલ (યુ.કે.) ના સંચાલક શ્રી સંજયભાઈ જગત્યાએ હાજરી આપીને હિન્દુ ધર્મનું મહત્ત્વ અને સેવા કરવાનું પ્રવચન આપ્યું હતું.

બધી જ ઉમરના લોકોને ધ્યાનમાં રાખીને બાલમંડળ માટે તેમના અલગથી વર્ગો હતા તેમજ યુવાનોને મનોરંજન અને શિબિરને રસપ્રદ બનાવવા માટે રાસ અને દાંડીયારાસનું તથા આઈસ સ્કેટીંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરની દીનચર્યા અનુક્રમે સવારમાં પ્રભાતીયા, આરતી, નાસ્તો પછી કીર્તન વિવેચન અને આશ્રમધર્મની ચર્ચા બાદ થાળ અને માનસીપૂજા કરીને બપોરનું ભોજન પછી થોડીવાર આરામ કરીને રમત-ગમત, થાળ અને

માનસીપૂજા પછી સંધ્યા આરતી અને નિત્યનિયમ બાદ સાંજનું જમવાનું અને પછી સાંજના પ્રોગ્રામમાં રાસ કે દાંડીયારાસ હતા.

બધા જ યુવાનો અને યુવતીઓએ આ શિબિરને ખૂબ જ સરસ રીતે માણીને રાજી થયા હતા તેથી આ શિબિરનું આયોજન દર વર્ષે કરવું એવો વિચાર કરવામાં આવ્યો હતો. - અહેવાલ : પ્રદ્યુમ્ન હાલાઈ (કાર્ડિફ)

## બોલ્ટન (યુ.કે.) : વિવિધ ઉત્સવો

❖ દર વર્ષની જેમ આપણા બોલ્ટન મંદિરમાં હિંડોળાના દિવસો દરમ્યાન હરિભક્તો જુદા-જુદા પ્રકારના હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝૂલાવી સૌ હરિભક્તો દર્શનનો લાભ લઈ શ્રીહરિને રાજી કરેલ.

❖ તા. ૧૬-૮-૧૧, મંગળવારના શુભ દિવસે અમદાવાદ ગાદીના આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ આપણા બોલ્ટન મંદિરમાં પધાર્યા હતા અને સૌ હરિભક્તોને આશીર્વાદરૂપી પોતાની અમૃતવાણીનો લાભ આપી સૌ હરિભક્તોને રાજી કરેલ.

❖ દર વર્ષની જેમ જન્માષ્ટમીનો ઉત્સવ તા. ૨૨-૮-૧૧, સોમવારના આપણા મંદિરમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ શુભ દિવસે સૌથી ઊંચો આંક આપીને ગામ કુંદનપુરના રાહુલ વિનોદ હીરાણી તથા કિશન વિનોદ હીરાણીને જન્મની આરતી ઉતારવાનો લાભ લીધેલ અને બીજી આરતીનો લાભ દર વર્ષની જેમ ગામ ફોટડીના હાલે મોમ્બાસાના રહેવાસી કેશુભાઈ પ્રેમજી ભુડિયા તરફથી બીજી આરતી ઉતારવામાં આવેલ.

❖ શિક્ષાપત્રી ભાષ્યની ૭ દિવસની પારાયણ :- આપણાં બોલ્ટન મંદિરના ૩૮ મા વાર્ષિક પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે તા. ૫-૯-૧૧ થી તા. ૧૧-૯-૧૧ સુધી શિક્ષાપત્રી ભાષ્યની ૭ દિવસની પારાયણનું આયોજન કરવામાં આવેલ. આ પરાયણના યજમાન તેમજ ઠાકોરજીના મહાઅભિષેકના તેમજ ધ્વજારોપણ સૌથી ઊંચો આંક આપી કરીને ગામ ફોટડી હાલે મોમ્બાસાના રહેવાસી પ.ભ. દાનવીર એવા કેશુભાઈ પ્રેમજી ભુડિયા તથા અ.નિ. કાનજીભાઈ પ્રેમજી ભુડિયા સહકુટુંબ પરિવાર તરફથી ઉજવવામાં આવેલ અને પૂર્ણાહુતિના દિવસે તા. ૧૧-૯-૨૦૧૧ ને રવિવારના પ્રસાદરૂપી ભોજન પણ તેમના તરફથી આપવામાં આવેલ તેમજ શનિવાર તા. ૧૦-૯-૨૦૧૧, શનિવારના સાંજના પ્રસાદીરૂપી ભોજન ગામ દહીંસરાના અ.નિ. કેશરા કરસન હાલાઈ હ. સુપુત્રો શીવજીભાઈ તથા વાલજીભાઈ સહકુટુંબ પરિવાર તરફથી આપવામાં આવેલ. ૭ દિવસ દરમ્યાન બન્નેના વક્તાપદે પોતાની અમૃતવાણીનો ખૂબ જ લાભ આપેલ ને પૂ. શ્રીહરિસ્વામીએ ખૂબ જ આશીર્વાદ આપેલ. તેમજ શનિવારે સાંજે બાલમંડળના નાના-નાના બાળકોએ કીર્તનભક્તિના ભજનો ગાયાં હતાં.

- અહેવાલ : મનજીભાઈ હાલાઈ (પ્રમુખ)

### :: અક્ષરવાસ ::

❖ અ.નિ. પ્રેમબાઈ વેલજી ભુડિયા ગામ સુખપર હાલે ઈસ્ટલંડન તા. ૪-૮-૨૦૧૧, રવિવારના સુખપર મધ્યે અક્ષરવાસી થયાં છે. શ્રીજી મહારાજ સદ્‌ગતના આત્માને શાંતિ આપે પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

❖ ગામ દહીંસરાના કેશરાભાઈ કરસન હાલાઈ (અજાણી) (ઉ.વ. ૯૦) તા. ૨૦-૮-૨૦૧૧ના રોજ અક્ષરવાસી થયાં છે. શ્રીજી મહારાજ સદ્‌ગતને પોતાના ચરણોની સેવા આપે તથા પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

### નવા વર્ષ નિમિત્તે શુભાશિષ

આ નૂતન વર્ષ આપના આપના કુટુંબીજનો સ્નેહીજનો, અને પ્રિયજનોના જીવનમાં ભૌતિક સમૃધ્ધિ સાથે આધ્યાત્મિક શાંતિ આપે, જીવનમાં સુખ અને સંતોષ મળે સ્વાસ્થ્યસભર અને આરોગ્યવર્ધક વર્ષ વીતે, આકાંક્ષાઓ ફળિભૂત થાય, આરંભેલા કાર્યો નિર્વિધ્ને પરિપૂર્ણ થાય, સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય, ભક્તિ, નિષ્ઠા અને દાસત્વભાવ સાથે મહારાજની આજ્ઞા પાળવાનું બળ મળે એવી શ્રી સ્વામિનારાયણ ભગવાન સમક્ષ પ્રાર્થના સહ શુભેચ્છા સાથે અંતઃકરણના આશીર્વાદ.

- મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજીના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.





માંડવીમાં શ્રીજીમહારાજના પ્રસાદી સ્થળોના દર્શન કરવા ગયેલા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સંતો – માંડવી



શ્રી સ્વામિનારાયણ મંદિર રાપરમાં જન્માષ્ટમીના દિવસે
આરતી ઉતારતા સદ્. પ્રેમપ્રકાશદાસજી સ્વામી



માંડવીમાં વિશ્રાંતિભવનનું ખાતમુહૂર્ત કરતા
યજમાન પરિવાર સાથે સંતો – માંડવી



રાજ્યકક્ષાએ વોલીબોલ તથા ખો-ખો સ્પર્ધામાં પસંદગી પામેલા
શ્રી સહજાનંદ ગુરૂકુલના વિદ્યાર્થીઓ – માનકુવા



ઈન્ટરનેશલ ફૂટબોલ રમતમાં પસંદગી પામેલા રમતવિરોને
આશીર્વાદ આપતા સંતો.

RNI NO. GUJGUJ/2001/5643
WPP Lic No. G-PMG-RJT/011(Foreign)/2007-09



Regd. No. GKCH-158/2009-2011
WPP Lic No. G-PMG-RJT/011/2007-09





કચ્છ જિલ્લામાં સારા વરસાદ સાથે ભુજમાં વધુ પાણી આવતાં શહેરના નીચાણ વિસ્તારના ઘરોમાં પાણી ઘુસી જતાં લોકોને ભુજ મંદિર તરફથી ૧૦,૦૦૦ ફૂડ પેકેટની સહાય કરવામાં આવી હતી.



શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન મુંબઈ થાણેમાં જન્માષ્ટમીના દિવસે સમૂહ મહાપૂજાનું આયોજન થયેલ જેમાં અનેક ભક્તો સામેલ થયા હતા.



પવિત્ર ભારતદેશના ૪ સરોવરની પહેકી ૧ માનસરોવરની યાત્રાએ ગયેલા સંતો તથા ભક્તો





શ્રી નરનારાયણ બાગ (રેલડી)માં આંબા અને ખારેકના વૃક્ષારોપણ કરતાં સંતો તથા ભક્તો.